# प्राचीन स्तवनावली

## શ્રી અનંતનાથ ભગવાન

૧૪





## નમસ્કાર મહામંત્ર મહિમા

સમરો મંત્ર ભલો નવકાર,
એ છે ચૌદ પૂર્વનો સાર;
એના મહિમાનો નહિ પાર,
એનો અર્થ અનંત અપાર.૧
સુખમાં સમરો, દુઃખમાં સમરો,
સમરો દિન ને રાત;
જીવતા સમરો, મરતાં સમરો,
સમરો સૌ સંગાથ.૨
જોગી સમરે ભોગી સમરે,
સમરે રાજા રંક;
દેવો સમરે, દાનવ સમરે,
સમરે સૌ નિશંક.૩
અડસઠ અક્ષર એના જાણો,
અડસઠ તીરથ સાર;
આઠ સંપદાથી પરમાણો,
અડસિદ્ધિ દાતાર.૪
નવ પદ એના નવનિધિ આપે,
ભવોભવનાં દુઃખ કાપે;
"ચંદ્ર" વચનથી હૃદયે વ્યાપે,
પરમાતમ પદ આપે.૫

# પ્રાચીન સ્તવનાવલી

# ૧૪

## શ્રી અનંતનાથ ભગવાન

**: પ્રાપ્તિ સ્થાન :**

શ્રી હસમુખભાઈ ચુડગર
૨૦૨-૨૦૩, ચીનુભાઈ સેન્ટર,
અમદાવાદ - ૩૮૦ ૦૦૯.

પ્રત : ૧૦૦૦ મૂલ્ય : શ્રદ્ધા ભક્તિ

# પ્રાસ્તાવિક

પરમાત્મ ભક્તિનાં અજોડ આલંબને જીવ બાહ્યદશાથી મુકત થઈ અંતરાત્મદશા દ્વારા પરમાત્મ દશાને સહજતાથી પામી શકે છે. પૂર્વ મહાપુરૂષોએ ભક્તિના ક્ષેત્રે જે કૃતિઓનું યોગદાન કર્યું છે. તે પૈકી પ્રત્યેક જીનેશ્વર દેવોનાં પ્રાચીન લગભગ બધાજ પ્રાપ્ય સ્તવનોનો સ્વતંત્ર રીતે જુદી જુદી આ લઘુ પુસ્તિકામાં સમાવેશ કર્યો છે.

આ સ્તવનોનાં રચયિતાઓએ પરમાત્મ ભક્તિની જે મસ્તિ માણી છે તેનો યત્કિંચિત રસાસ્વાદ પ્રાપ્ત કરવા આ પુસ્તિકાનો ઉપયોગ કરીશું તો અર્થગાંભીર્ય યુક્ત આ પ્રભુભક્તિ-આત્મિક શક્તિ પ્રગટાવી મુક્તિને નજીક લાવવામાં સહાયક થશે.

ગચ્છાધિપતિ આચાર્ય વિજય
રામસૂરીશ્વરજી મહારાજ સાહેબ (ડહેલાવાળા) ના
ગુરૂકૃપાકાંક્ષી જગચ્ચન્દ્રસૂરિ

# પ્રભુભક્તિ

પ્રભુને રોજ ભજવા છતાં આનંદની મસ્તિ અનુભવાતી નથી તેનું કારણ પરમાત્માને ઓળખવામાં હજી આપણે ઉણા ઉતર્યા છીએ ગતાનુગતિકતાથી નહિ વાસ્તવિકતાથી પરમાત્માનું દર્શન કરીશું તો પરમાત્મભક્તિથી શક્તિ આપણને આનંદઘન બનાવી દેશે.

આ જીવે સંસારના પ્રત્યેક પદાર્થો પાછળ આંસુ પાડયા હશે તે આંસુઓ સાગરના પાણીથી પણ વધી જાય પરંતુ તે આંસુની કોઈ કિંમત નથી. પ્રભુભક્તિ-પ્રભુરાગ પાછળ બે આંસુ પણ પડી જશે તો પ્રથમના બધા આંસુના સરવાળાને ટપી જશે તે ભક્તિથી આત્માની મુક્તિ નજીક આવી જશે.

ગચ્છાધિપતિ આચાર્ય વિજય
રામસૂરીશ્વરજી મહારાજ સાહેબ (ડહેલાવાળા)

# અનુક્રમણિકા


| ચૈત્યવંદન | કર્તા | પાના નં. |
|---|---|---|
| અનંત અનંત ગુણ આગરૂ | શ્રી પદ્મવિજયજી | ૧ |
| દેવલોક દશમા થકી | શ્રી વીરવિજયજી | ૧ |
| પ્રાણત થકી ચવિયા ઈહાં | શ્રી જ્ઞાનવિમલજી | ૨ |

| સ્તવન | કર્તા | પાના નં. |
|---|---|---|
| ધાર તલવારની સોહિલી | શ્રી આનંદઘનજી | ૩ |
| શ્રી અનંત-જિન શું કરો | શ્રી યશોવિજયજી | ૪ |
| શ્રી અનંત-જિન સેવિયેંરે લાલ | શ્રી યશોવિજયજી | ૪ |
| નયરી અયોધ્યા ઉપનારે | શ્રી યશોવિજયજી | ૫ |
| સુંદર મુરતિ તુમ તણી | શ્રી ભાણવિજયજી | ૬ |
| પ્રભુજી ! તું ત્રિભુવન-નાથ | શ્રી આનંદવર્ધનજી | ૭ |
| આવો ! તુમે વીતરાગ ! | શ્રી લક્ષ્મીવિમલજી | ૮ |
| જ્ઞાન અનંતું તાહરે રે | શ્રી માનવિજયજી | ૯ |
| અનંત-જિણેસર ! આપણો | શ્રી જ્ઞાનવિમલસૂરીશ્વરજી | ૧૦ |
| સેવો ! ભવિયણ ! નાથ ! | શ્રી ભાવવિજયજી | ૧૧ |
| ગુણ અનંત-અરિહંતના રે | શ્રી વિનયવિજયજી | ૧૨ |
| ચરન શરન મેં તક | શ્રી હરખચંદજી | ૧૨ |
| સહજ સનેહી સેવિયે રે લો | શ્રી નયવિજયજી | ૧૩ |
| અનંત ! અનંતી વાતના | શ્રી ઋષભસાગરજી | ૧૪ |
| અનંત ! તાહરા મુખડા ઉપર | શ્રી ઉદયરત્નજી | ૧૫ |
| નામ ધારક અન્ય-દેવ | શ્રી જિનવિજયજી | ૧૫ |

| સ્તવન | કર્તા | પાના નં. |
|---|---|---|
| અનંત-જિણંદ ! મુણિંદ | શ્રી જિનવિજયજી | ૧૬ |
| સાહેબ એહવો સેવીયેં | શ્રી હંસરત્નજી | ૧૭ |
| અનંતજિણંદશ્યું વિનતિ | શ્રી મોહનવિજયજી | ૧૮ |
| અનંત-જિણંદ ! અવધારીયેં | શ્રી મોહનવિજયજી | ૧૯ |
| અરદાસ અમારી દિલમે | શ્રી રામવિજયજી | ૨૦ |
| સુજસા-નંદન જગ-આનંદન | શ્રી રામવિજયજી | ૨૧ |
| ઓળગડી ચિત્ત આંણો | શ્રી કાંતિવિજયજી | ૨૨ |
| જિનજી ! પ્યારો (૩) હો સિંધુજી | શ્રી ન્યાયસાગરજી | ૨૩ |
| શ્રી અનંતપ્રભો સંતહૃદયે વિભો | શ્રી ન્યાયસાગરજી | ૨૪ |
| અનંત-જિનેસર ચૌદમાજી | શ્રી પદ્મવિજયજી | ૨૫ |
| અનંતજિન જ્ઞાન અનંતતાજી | શ્રી પદ્મવિજયજી | ૨૫ |
| અનંતજિન સહજવિલાસી | શ્રી વિજયલક્ષ્મીસૂરિજી | ૨૬ |
| શ્રી અનંતજિન સાહિબા | શ્રી કીર્તિવિમલજી | ૨૭ |
| અનંત જિનવર માહરાજી | શ્રી દાનવિમલજી | ૨૮ |
| અનંત તીર્થંકર વિનતિ રે | શ્રી વિનીતવિજયજી | ૨૯ |
| ઐસે જિનવર ધ્યાઇએં પ્રાણી | શ્રી અમૃતવિજયજી | ૨૯ |
| નગરી અયોધ્યારાજીયો | શ્રી પ્રમોદસાગરજી | ૩૦ |
| અનંત અનંત ભગવંત | શ્રી ભાણચંદજી | ૩૧ |
| સાહિબારે ! અનંત જિનરાજ | શ્રી ખુશાલમુનિજી | ૩૨ |
| ચાલો સહીયર ! જિન વંદવાજી | શ્રી ચતુરવિજયજી | ૩૪ |
| મૂરતિ હો પ્રભુ ! | શ્રી દેવચંદ્રજી | ૩૫ |
| આજ અમારે આંગણે | શ્રી જીવણવિજયજી | ૩૭ |

| સ્તવન | કર્તા | પાના નં. |
|---|---|---|
| પ્રભુ ! તુમ નામ છે નાથ | શ્રી દાનવિજયજી | ૩૮ |
| જ્ઞાન અનંત અનંતનું | શ્રી મેઘવિજયજી | ૩૮ |
| સાહિબ ! અનંત-જિણંદ | શ્રી કેશરવિમલજી | ૩૯ |
| અનંતનાથ-જિનરાજ કરું | શ્રી કનકવિજયજી | ૪૦ |
| પ્રણમી હો ! પ્રભુ | શ્રી રૂચિરવિમલજી | ૪૨ |
| અનંતનાથ ભગવંતની | શ્રી ભાવપ્રભસૂરિ | ૪૩ |
| અનંત-જિનેસર ! સાહિબ | શ્રી રતનવિજયજી | ૪૪ |
| પર-ઉપગારી રે પ્રભુજી | શ્રી માણેકમુનિજી | ૪૫ |
| અનંત કલાધરૂ મોહના | શ્રી દીપવિજયજી | ૪૫ |
| તઉ અનંત નાહ | શ્રી ધર્મકિર્તિગણી | ૪૬ |
| હાં રે ! લાલ ! ચતુર-શિરોમણિ | શ્રી સ્વરૂપચંદજી | ૪૭ |
| અનંત પ્રાણીનો નાથ | શ્રી જશવિજયજી | ૪૮ |
| અનંત - જિણંદશું રે | શ્રી જ્ઞાનવિમલસૂરીજી | ૪૯ |
| મેરે હૃદય કમલ ફુલ્યો | શ્રી ગુણવિલાસજી | ૫૦ |
| અનંત-જિણેસર, જ્ઞાન-દિનેસર | શ્રી જગજીવનજી | ૫૦ |
| વ્હાલા થારા મુખડી ઉપર | શ્રી જિનહર્ષજી | ૫૧ |

| થોય | કર્તા | પાના નં. |
|---|---|---|
| જ્ઞાનાદિકા ગુણવરા | શ્રી વીરવિજયજી | ૫૨ |
| અનંત અનંત નાણી | શ્રી પદ્મવિજયજી | ૫૨ |

## ચૈત્યવંદન વિધિ

### (નીચે મુજબ પ્રથમ ઈરિયાવહિ કરવી)

### • ઈચ્છામિ ખમાસમણ સૂત્ર •

ઈચ્છામિ ખમાસમણો ! વંદિઉં જાવણિજ્જાએ,
નિસીહિઆએ, મત્થએણ વંદામિ.

**ભાવાર્થ :** આ સૂત્ર દ્વારા દેવાધિદેવ પરમાત્માને તથા પંચમહાવ્રતધારી સાધુ ભગવંતોને વંદન થાય છે.

### • ઈરિયાવહિયં સૂત્ર •

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ઈરિયાવહિયં પડિક્કમામિ ? ઈચ્છં, ઈચ્છામિ પડિક્કમિઉં ૧. ઈરિયાવહિયાએ, વિરાહણાએ ૨. ગમણાગમણે ૩. પાણક્કમણે બીયક્કમણે હરિયક્કમણે, ઓસાઉત્તિંગપણગ દગ, મટ્ટી મક્કડા સંતાણા સંકમણે ૪. જે મે જીવા વિરાહિયા,, ૫. એગિંદિયા, બેઈંદિયા, તેઈંદિયા, ચઉરિંદિયા, પંચિંદિયા ૬. અભિહયા, વત્તિયા, લેસિયા, સંઘાઈયા, સંઘટ્ટિયા, પરિયાવિયા, કિલામિયા, ઉદ્દવિયા, ઠાણાઓઠાણં, સંકામિયા, જીવિયાઓ વવરોવિયા, તસ્સ મિચ્છામિ દુક્કડં ૭.

**ભાવાર્થ :** આ સૂત્રથી હાલતા-ચાલતા જીવોની અજાણતા વિરાધના થઈ હોય કે પાપ લાગ્યા હોય તે દૂર થાય છે.

### • તસ્સ ઉત્તરી સૂત્ર •

તસ્સ ઉત્તરીકરણેણં, પાયચ્છિત્તકરણેણં, વિસોહિકરણેણં, વિસલ્લીકરણેણં, પાવાણં કમ્માણં નિગ્ઘાયણટ્ઠાએ, ઠામિ કાઉસ્સગ્ગં.

**ભાવાર્થ :** આ સૂત્ર દ્વારા ઈરિયાવહિયં સૂત્રથી બાકી રહેલા પાપોની વિશેષ શુદ્ધિ થાય છે.

## ● અન્નત્થ સૂત્ર ●

અન્નત્થ ઊસસિએણં, નિસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ, પિત્તમુચ્છાએ ૧ સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં ૨. એવંમાઈએહિં આગારેહિં અભગ્ગો, અવિરાહિઓ, હુજ્જ મે કાઉસ્સગ્ગો ૩. જાવ અરિહંતાણં, ભગવંતાણં, નમુક્કારેણં ન પારેમિ ૪. તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામિ ૫.

**ભાવાર્થ:** આ સૂત્રમાં કાઉસગ્ગના સોળ આગારનું વર્ણન તથા કેમ ઉભા રહેવું તે બતાવેલ છે.

(પછી એક લોગસ્સનો ચંદેસુ નિમ્મલયરા સુધીનો અને ન આવડે તો ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરવો, પછી પ્રગટ લોગસ્સ કહેવો)

## ● લોગસ્સ સૂત્ર ●

લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે; અરિહંતે કિત્તઈસ્સં, ચઉવિસંપિ કેવલી ૧. ઉસભમજિઅંચ વંદે, સંભવમભિણંદણં ચ સુમઈ ચ; પઉમપ્પહં સુપાસં, જિણંચચંદપ્પહં વંદે ૨. સુવિહિં ચ પુપ્ફદંતં, સીઅલ સિજ્જંસ વાસુપુજ્જં ચ; વિમલમણંતં ચ જિણં, ધમ્મં સંતિ ચ વંદામિ ૩. કુંથું અરં ચ મલ્લિં, વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ; વંદામિ રિટ્ઠનેમિં, પાસં તહ વદ્ધમાણં ચ ૪. એવં મએ અભિથુઆ, વિહુય રયમલા પહીણ જરમરણા; ચઉવિસંપિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ ૫. કિત્તિય-વંદિય મહિયા, જેએ લોગસ્સ ઉત્તમા સિદ્ધા; આરૂગ્ગબોહિલાભં, સમાહિવરમુત્તમં દિન્તુ. ૬. ચંદેસુ નિમ્મલયરા, આઈચ્ચેસુ અહિયં પયાસયરા, સાગરવરગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ. ૭.

**ભાવાર્થ :** આ સૂત્રમાં ચોવીસ તીર્થકરોની નામપૂર્વક સ્તુતિ કરવામાં આવી છે.

(પછી ત્રણ ખમાસમણ દઈ, ડાબો
પગ જમીન ઉપર સ્થાપીને હાથ જોડી)

**ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ચૈત્યવંદન કરું ? ઈચ્છં**
**કહી સકલકુશલ કહી ચૈત્યવંદન કરવું.**

સકલ કુશલ વલ્લિ - પુષ્કરાવર્ત મેઘો,
દુરિત તિમિર ભાનું : કલ્પવૃક્ષોપમાન :
ભવજલનિધિ પોત : સર્વ સંપત્તિ હેતું :,
સ ભવતુ સતતં વ:
શ્રેયસે શાન્તિનાથ : શ્રેયસે પાર્શ્વનાથ :

**(આ પછી પુસ્તકમાંથી ચૈત્યવંદન બોલવું)**

## ● જંકિંચિ સૂત્ર ●

જંકિંચિ નામતિત્થં, સગ્ગે પાયાલિ માણુસે લોએ;
જાઈં જિણબિંબાઈ, તાઈ સવ્વાઈ વંદામિ.

**ભાવાર્થ :** આ સૂત્ર દ્વારા ત્રણે લોકમાં વિદ્યમાન નામ રૂપી તીર્થો અને જિન પ્રતિમાઓને નમસ્કાર કરવામાં આવેલ છે.

## ● નમુત્થુણં સૂત્ર ●

નમુત્થુણં અરિહંતાણં ભગવંતાણં. ૧. આઈગરાણં તિત્થયરાણં, સયંસંબુદ્ધાણં, ૨. પુરિસુત્તમાણં, પુરિસસીહાણં, પુરિસવરપુંડરિઆણં, પુરિસવરગંધહત્થીણં. ૩. લોગુત્માણં, લોગનાહાણં, લોગહિઆણં, લોગપઈવાણં, લોગપજ્જોઅગરાણં. ૪. અભયદયાણં, ચકખુદયાણં, મગ્ગદયાણં, સરણદયાણં, બોહિદયાણં, ૫. ધમ્મદયાણં,

ધમ્મદેસયાણં, ધમ્મનાયગાણં, ધમ્મસારહીણં, ધમ્મવરચાઉરંત-ચક્કવટ્ટીણં. ૬. અપ્પડિહયવરનાણ - દંસણધરાણં, વિયટ્ટ-છઉમાણં. ૭. જિણાણં જાવયાણં, તિન્નાણં તારયાણં; બુદ્ધાણં બોહયાણં, મુત્તાણં મોઅગાણં. ૮. સવ્વન્નૂણં, સવ્વદરિસીણં, સિવમયલ મરૂઅ - મણંત મક્ખય મવ્વાબાહ - મપુણારાવિત્તિ - સિદ્ધિ ગઈ નામધેયં, ઠાણં સંપત્તાણં, નમો જિણાણં, જિઅભયાણં. ૯. જે અ અઈયા સિદ્ધા, જે અ ભવિસ્સંતિણાગએ કાલે; સંપઈ અ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ. ૧૦.

**ભાવાર્થ :** આ સૂત્રમાં અરિહંત પરમાત્માના ગુણોનું વર્ણન છે. અને ઈન્દ્ર મહારાજા પ્રભુની સ્તુતિ કરતી વખતે આ સૂત્ર બોલે છે.

## ● જાવંતિ ચેઈઆઈ સૂત્ર ●

(ફક્ત પુરૂષોએ બે હાથ ઉંચા કરીને બોલુવું)

જાવંતિ ચેઈઆઈ. ઉડ્ઢે અ અહે અ તિરિઅલોએ અ; સવ્વાઈ તાઈ વંદે, ઈહ સંતો તત્થ સંતાઈ.

**ભાવાર્થ :** આ સૂત્રદ્વારા ત્રાણે લોકમાં રહેલી જિન પ્રતિમાજીઓને નમસ્કાર કરવામાં આવે છે.

ઈચ્છામિ ખમાસમણો વંદિઉ જાવણિજ્જાએ
નિસિહિઆએ મત્થએણ વંદામિ.

## ● જાવંત કેવિ સાહૂ સૂત્ર ●

જાવંત કેવિ સાહૂ, ભરહેરવયમહાવિદેહે અ; સવ્વેસિં તેસિં, પણઓ, તિવિહેણ તિદંડવિરયાણં.

ભાવાર્થ : આ સૂત્રમાં ભરત, ઐરાવત અને મહાવિદેહ ત્રણેય ક્ષેત્રમાં વિચરતાં સર્વે સાધુ સાધ્વી ભગવંતોને નમસ્કાર કરવામાં આવે છે.

(નીચેનું સૂત્ર ફકત પુરૂષોએ બોલવું)

## ● નમોऽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્ય : ●

ભાવાર્થ : આ સૂત્રમાં પંચપરમેષ્ઠિ ભગવંતોને નમસ્કાર કરવામાં આવ્યો છે.

**(આ પછી આ પુસ્તકમાંથી સુંદર અને ભાવવાહી સ્તવનોના સંગ્રહમાંથી કોઈપણ એક સ્તવન ગાવું.)**

**(બે હાથ ઉંચા કરીને બોલવું / બહેનોએ હાથ ઉંચા કરવા નહીં)**

## ● જય વીયરાય સૂત્ર ●

જય વીયરાય ! જગગુરૂ ! હોઉં મમં તુહ પભાવઓ ભયવં !
ભવનિવ્વેઓ મગ્ગા-ણુસારિઆ ઈટ્ઠફલસિદ્ધી.......૧
લોગવિરૂદ્ધચ્ચાઓ, ગુરૂજણપૂઆ, પરત્થકરણં ચ;
સુહગુરૂજોગો તવ્વયણ-સેવણા આભવમખંડા......૨

(બે હાથ નીચે કરીને)

વારિજ્જઈ જઈવિ નિથાણ-બંધણં વીયરાય ! તુહ સમયે ;
તહવિ મમ હુજ્જ સેવા, ભવે ભવે તુમ્હ ચલણાંણ.....
દુક્ખક્ખઓ કમ્મક્ખઓ, સમાહિમરણં ચ બોહિલાભો અ;
સંપજ્જઉ મહ એઅં, તુહ નાહ ! પણામકરણેણં......૪
સર્વ-મંગલ-માંગલ્યં, સર્વ કલ્યાણકારણમ્;

પ્રધાનં સર્વ-ધર્માણાં, જૈનં જયતિ શાસનમ્.......૫

**ભાવાર્થ : આ સૂત્રમાં પ્રભુ પાસે ઉત્તમ પ્રકારની પ્રાર્થના કરવામાં આવી છે.**

(પછી ઉભા થઈને)

## ● અરિહંતચેઈઆણં સૂત્ર ●

અરિહંતચેઈઆણં, કરેમિ કાઉસ્સગ્ગં ૧. વંદણવત્તિઆએ, પૂઅણવત્તિઆએ, સક્કારવત્તિઆએ, સમ્માણવત્તિઆએ, બોહિલાભવત્તિઆએ, નિરૂવસગ્ગવત્તિઆએ ! ૨ સદ્ધાએ, મેહાએ, ધિઈએ, ધારણાએ, અણુપ્પેહાએ, વડ્ઢમાણીએ, ઠામિ કાઉસ્સગ્ગં.૩

**ભાવાર્થ :** આ સૂત્રમાં જ્યાં ચૈત્યવંદન કરતા હોઈએ તે દેરાસરની તમામ પ્રતિમાઓને વંદન કરવામાં આવે છે.

## ● અન્નત્થ સૂત્ર ●

અન્નત્થ ઊસસિએણં, નિસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ પિત્તમુચ્છાએ. ૧ સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં. ૨ એવમાઈએહિં આગારેહિં, અભગ્ગો અવિરાહિઓ હુજ્જમે કાઉસ્સગ્ગો. ૩ જાવ અરિહંતાણં ભગવંતાણં નમુક્કારેણં ન પારેમિ, તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામિ ૪

(કહીને એક નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારીને)

**નમોऽર્હત્‌સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્ય :**

**(આ પછી પુસ્તકમાંથી થોય કહેવી)**

# શ્રી અનંતનાથ ભગવાનના ચૈત્યવંદન

## શ્રી પદ્મવિજયજી કૃત ચૈત્યવંદન

અનંત અનંત ગુણ આગરૂ, અયોધ્યા વાસી;
સિંહસેન નૃપ નંદનો, થયો પાપ નિકાસી.....૧
સુજસા માતા જનમીયો, ત્રીશ લાખ ઉદાર;
વરસ આઉખું પાળીયું, જિનવર જયકાર.....૨
લંછન સિંચાણા તણું એ, કાયા ધનુષ પચાસ;
જિન પદ **પદ્મ** નમ્યા થકી, લહીયે સહજ વિલાસ.....૩

## શ્રી વીરવિજયજી કૃત ચૈત્યવંદન

દેવલોક દશમા થકી, ગયા અયોધ્યા ઠામ;
હસ્તિ યોનિ અનંતને, દેવગણે અભિરામ..॥૧॥
રેવતિએ જનમ્યા પ્રભુ, મિન રાશિ સુખકાર;
ત્રણ વરસ છદ્મસ્થમાં, નહિ પ્રશ્નાદિ ઉચ્ચાર..॥૨॥
પીપલ વૃક્ષે પામીયાએ, કેવળ લક્ષ્મી નિધાન;
સાત સહસશું શિવવર્યા, **વીર** કરે બહુમાન..॥૩॥

## શ્રી જ્ઞાનવિમલજી કૃત ચૈત્યવંદન

પ્રાણત થકી ચવિયા ઈહાં, શ્રાવણ શુદિ સાતમ;
વૈશાખ વદિ તેરશે, જનમ્યા ચૌદશે વ્રત...॥૧॥
વદિ વૈશાખી ચૌદશે, કેવલ પણ પામ્યા;
ચૈત્ર સુદિ પંચમી દિને, શિવ વનિતા કામ્યા...॥૨॥
અનંત જિનેશ્વર ચૌદમા એ, કીધા દુશ્મન અંત;
**જ્ઞાનવિમલ** કહે નામથી, તેજ પ્રતાપ અનંત...॥૩॥



# શ્રી અનંતનાથ ભગવાનના સ્તવન

## કર્તા : શ્રી આનંદઘનજી મ.

(રાગ રામગિરિ - કડખો પ્રભાભ)

ધાર તલવારની સોહિલી દોહિલી, ચૌદમાં જિનતણી ચરણ-સેવા;
ધાર પર નાચતા દેખ બાજીગરા[1] સેવના ધારપ[2] રહે ન દેવા...૧
એક કહે "સેવીએ વિવિધ કિરિયા કરી", ફળ અનેકાંત[3] લોચન ન દેખે;
ફળ અનેકાંત કિરિયા કરી બાપડા, રડવડે ચાર ગતિમાંહિ લેખે...૨
ગચ્છના ભેદ બહુ નયન નિહાળતાં, તત્ત્વની વાત કરતાં ન લાજે;
ઉદર ભરણાદિ નિજ કાજ કરતાં થકી, મોહ નડિયા કલિકાલ રાજે...૩
"વચન નિરપેક્ષ[6] વ્યવહાર જૂઠો" કહ્યો, "વચન સાપેક્ષ"[7] વ્યવહાર સાચો;
વચન નિરપેક્ષ વ્યવહાર સંસાર ફળ, સાંભળી-આદરી કાંઈ રાચો...૪
દેવગુરુ ધર્મની શુદ્ધિ કહો કિમ રહે ? કિમ રહે શુદ્ધ શ્રદ્ધાન આણો ?
શુદ્ધ શ્રદ્ધાન વિણ સર્વ કિરિયા કહી, છારપર લીંપણું તેહ જાણો...૫
પાપ નહીં કોઈ ઉત્સૂત્ર ભાષણ જિસ્યું, ધર્મ નહી કોઈ જગસૂત્ર સરિખો;
સૂત્ર અનુસાર જે ભવિક કિરિયા કરે, તેહનું શુદ્ધ ચારિત્ર પરિખો...૬
એહ ઉપદેશનો સાર સંક્ષેપથી, જે નરા ચિત્તમાં નિત્ય ધ્યાવે;
તે નરા દિવ્ય બહુ કાળ સુખ અનુભવી, નિયત **આનંદઘન** રાજ પાવે...૭

---

૧. જાદુઈ ખેલ કરનાર ૨. સેવારૂપી ધાર પર ૩. સ્યાદ્વાદ દૃષ્ટિથી ૪. સાધ્ય લક્ષ્યની જાગૃતિ વિનાની ૫. રઝળતા રહે ૬. સ્વચ્છંદ-મતિ કલ્પિત ૭. શાસ્ત્રાજ્ઞાશુદ્ધ ૮. અવશ્ય-જરૂર

## કર્તા : ઉપા. શ્રી યશોવિજયજી મ.

શ્રી અનંત-જિન શું કરો, સાહેલડિયાં, ચોલ[1]-મજીઠનો રંગ રે-ગુણ—વેલડિયાં !
સાચો રંગ તે ધર્મનો, સા૦ બીજો રંગ પતંગ[2] રે—ગુણ૦ (૧)
ધરમ-રંગ જીરણ નહિં, સા૦ દેહ તે જીરણ થાયરે—ગુણ૦
સોનું તે વિણસે નહિં, સા૦ ઘાટ-ઘડામણ જાયેરે—ગુણ૦ (૨)
ત્રાંબું જે રસ[3]-વેધીઉં, સા૦ તે હોએ જાચુ[4]હેમરે—ગુણ૦
ફરિ ત્રાંબું તે નવિ હોવે, સા૦ એહવો જગ-ગુરૂ પ્રેમ રે —ગુણ૦ (૩)
ઉત્તમ ગુણ-અનુરાગથી, સા૦ લહિએ ઉત્તમ ઠામરે —ગુણ૦ (૪)
ઉદક બિંદુ[6] સાયર ભળ્યો, સા૦ જિમ હોય અખય- અભંગરે—ગુણ૦
વાચક જશ કહે પ્રભુ-ગુણે સા૦ તિમ મુજ પ્રેમ-પ્રસંગ રે —ગુણ૦ (૫)

---

૧. પીસેલી મજીઠનો-મજબૂત=પાકો ૨. હળદળનો રંગ=કાચો ૩. ઔષધિઓથી પકાવીને તૈયાર કરેલ ધાતુરસથી વીંધાયેલ ૪. સાચું ૫. સોનું ૬. પાણીનું બિંદુ

## કર્તા : ઉપા. શ્રી યશોવિજયજી મ.

### (ઢાલ શયાદાની)

શ્રી અનંત-જિન સેવિયેંરે લાલ, મોહન-વલ્લી[1]-કંદ-મન-મોહના
જે સેવ્યો શિવ-સુખ દિયેરે લાલ, ટાળે ભવભય[2]-ફંદ મન૦શ્રી૦(૧)
મુખ:મટકે[3] જગ મોહીઓરે લાલ, રૂપ[4]-રંગ અતિ-ચંગ[5]-મન૦
લોચન અતિ અણીયાલડાંરે[6] લાલ, વાણી ગંગ-તરંગ[7] મન૦શ્રી૦(૨)
ગુણ સઘળા અંગે વસ્યારે લાલ, દોષ ગયા સવિ દૂર—મન૦
વાચક જશ કહે સુખ લહૂંરે લાલ, દેખી પ્રભુ-મુખ[8] નૂર -મન૦શ્રી૦(૩)

૧. મન લોભાવનાર વેલડીના મુખ સમાન ૨. સંસારના ભયરૂપ ફંદો-જાળ ૩. મુખના મરકવાથી ૪. શરીરનો બાહ્ય દેખાવ ૫. અત્યંત સુંદર ૬. અણીઆળા-મોહક ૭. ગંગાના તરંગની જેમ ધોધબંધ ૮. પ્રભુના મુખનું તેજ

## કર્તા : ઉપા. શ્રી યશોવિજયજી મ.

### (ઈડર આંબા આંબલી રે-એ દેશી)

નયરી અયોધ્યા ઉપનારે, સિંહસેન કુલચંદ
સીંચાણો લંછન ભલોરે, સુયશા માતાનો[1] નંદ
ભવિક જન ! સેવો દેવ અનંત (૧)

વરસ ત્રીશ લાખ આઉખું રે, ઉંચા ધનુષ પચાશ,
કનક-વરણ[2] તનુ સોહતો રે, પૂરે જગ-જન-આશ.—ભવિક૦(૨)
એક સહસશ્યું વ્રત ગ્રહીરે, સમેતશિખર નિર્વાણ[3],
છાસઠ સહસ મુનીશ્વરૂં રે, પ્રભુના શ્રુત-ગુણ જાણ—ભવિક૦(૩)
બાસઠ સહસ સુ-સાહુણી રે, પ્રભુજીનો પરિવાર,
શાસનદેવી અંકુશીરે, સુર પાતાલ ઉદાર—ભવિક૦(૪)
જાણે નિજ મન દાસનું રે, તૂં જિન ! જગ હિતકાર,
બુધ જશ પ્રેમેં વિનવે રે, દીજે મુજ દીદાર[4]—ભવિક૦(૫)

૧. માતાનો પુત્ર ૨. સોનાના વર્ણવાળું ૩. મોક્ષ ૪. પ્રત્યક્ષ દર્શન

## કર્તા : શ્રી ભાણવિજયજી મ.

### (માલિ કેરે બાગમેં—એ દેશી)

સુંદર મૂરતિ તુમ તણી, પ્યારી લાગે જિણંદાલો; —અહો પ્યારી૦
ક્ષણ એક સંગ ન પરિહરૂં, તુમ દીઠા આણંદા લો, —અહો તુમ૦
અહો ! પ્રભુ મોહન મારા લો૦(૧)

કૌમુદચંદ્ર[1] સમાન છે, પ્રભુજી તુમ્હ મુખડું લો —અહો પ્રભુજી૦
લગન[2] જાગી જોવા તણી, એહમાં નહીં કૂડું લો —અહો ! એહમાં૦(૨)
વિકસિત પદ્મ સમાન છે, સાહિબ, તુમ નયણાં લો —અહો ! સાહિબ
સાકર દ્રાખથકી ઘણું, મીઠો તુમ વયણાં લો-અહો ! મીઠાં૦(૩)
આનંદ પામ્યો દેખીને, અનંતજિન તુમને રે લો; —અહો ! અનંત૦
હૃદયે ઉલટ[4] આણીને, વંછિત દેજો અમને રે લો— —અહો ! વંછિત૦(૪)
શ્રી વિજયપ્રભસૂરી ગચ્છધણી, તપગચ્છમાં દિણંદા લો;—અહો ! તપ૦
પંડિત પ્રેમના ભાણને, તુમ નામે આણંદા લો —અહો ! તુમ૦(૫)

---

૧. શરદપૂનમનો ચંદ્ર ૨. ઉત્કંઠા ૩. મોટું ૪. ઉમંગ

## કર્તા : શ્રી આનંદવર્ધનજી મ.

(રાગ મારૂ-ઉમિયાને શંભુ વિના ન સુહાયે-એ દેશી)

પ્રભુજી ! તું ત્રિભુવન-નાથ અનંત,
મોરા પ્રભુ ! ત્રિભુવન-નાથ અનંત રે;
ગુણ અનંત પ્રભુ તાહરા—જી રે જી,
પ્રભુજી ! પાર ન પામે કોઈ,
મોરા પ્રભુ ! પાર ન પામે કોઈ રે;
અંતરયામી તું માહરા જી રે જી...(૧)
પ્રભુજી ! મુજ મનડાની વાત, મોરા, પ્રભુ ! મુજ મનડાની વાત રે
તુમ વિણ કુણ આગળ કરૂં ? જી રે જી,
પ્રભુજી ! તું દુખ જાણણહાર,
મોરા પ્રભુ ! તું દુખ જાણણહાર રે,
બીજો કિમ હીયડે ધરૂં. જી રે જી...(૨)
પ્રભુજી ! સ્વારથીઓ સંસાર,
મોરા પ્રભુ ! સ્વારથીઓ સંસાર રે
મન-માન્યા મનમેં વસે, જી રે જી,
અણખિ[૧] કરૂં એક સાથી,[૨]
મોરા પ્રભુ ! અણખિ કરૂં એક સાથી રે,
એક[૩] દીઠા મન ઉલ્લસે. જી રે જી...(૩)
પ્રભુજી ! તું તો નિકલંક સ્વરૂપ,
મોરા પ્રભુ ! તું તો નિકલંક સ્વરૂપ રે;

તું અવિહડ હોજયો ભવેભવે, જી રે જી,
પ્રભુજી ! માહરે તુમ્હશું નેહ;
મોરા પ્રભુ ! માહરે તુમશું નેહ રે,
**આણંદવર્ધન** વિનવે જી રે જી...(૪)

૧. વળી ફરીથી ૨. મારો સહચારી ૩. એક આપને જોવાથી

## કર્તા : શ્રી લક્ષ્મીવિમલજી મ.

**(મારે માથે પંચરંગી પણ સોનાનો છોગલો મારૂંજી-એ રાગ)**

આવો ! તુમે વીતરાગ ! હમારે મંદિર–સ્વામીજી૦
તો ન કરૂં પરદેશ[1] સરોવર બંદિ રે–સ્વામીજી૦
ઠોર[2] ધરી એક ચિત્ત કરૂં તુમ ચાકરી–સ્વામીજી૦
માંગું નહી કિસ્યો[3] દામ સબૂરી[4] આદરી–સ્વામીજી૦..(૧)

છાંડી યોગના ચાળા ધરૂં દશા પાધરી[5]–સ્વામીજી૦
ઉદ્ધત દોષ અનાદિ મૂળથી ઉદ્ધરી–સ્વામીજી૦
ફોગટ લોકની વાત વિવાદ પરિહરૂં–સ્વામીજી૦
હાંસી-મચ્છર દોષ સવિ નવિ મન ધરૂં–સ્વામીજી૦..(૨)

ચિત્રા[6] નહિ મનમાંહે એ ગુણ તુમતણો–સ્વામીજી૦
યાદ ધરે જિહાં પૂજય તિહાં આનંદ ઘણો–સ્વામીજી૦
જિહાં વસે રામ તિહાં અયોધ્યા ઉલ્લસે–સ્વામીજી૦
ઉખાણો એ લોકતણો મનમાં વસે–સ્વામીજી૦..(૩)

આગળથી[૭] ઓવરંતા હોવે બહુ ભાષિત–સ્વામીજી૦
થોડામાં સંક્ષેપ કરૂં સાખિતા;-સ્વામીજી૦
દેખી સેવક ભણી તુમે પણ આકરી–સ્વામીજી૦
રહેશો કરી થિર-ઠામ પરિણતિ તો મુજ ખરી–સ્વામીજી૦..(૪)
અનંતજિન ! પ્રતિબંધ[૮] ન દીસે તાહરે–સ્વામીજી૦
સહજે ભાંગે રાડ[૯] થાયે ગુણ માહરે–સ્વામીજી૦
થાશે ચોખી કીર્ત્તિ તુમારી ચોગણી–સ્વામીજી૦
**લક્ષ્મી** કહે કર-જોડી મળ્યો તું સુરમણિ–સ્વામીજી૦..(૫)

---

૧. પરદેશ, સરોવર, બંદર શબ્દો લાક્ષણિક છે. કહેવાનું તાત્પર્ય એમ લાગે છે કે-હું બહાર ભટકું નહીં ૨. સ્થાન ૩. કંઈ પણ ૪. ખામોશી=ગંભીરતા ૫.સીધી-સાદી ૬. આશ્ચર્ય ૭. વિવરીને=વિસ્તારથી કહેલાં ૮. પ્રેમ-સ્નેહ ૯. ઝઘડો

## કર્તા : ઉપા. શ્રી માનવિજયજી મ.

### (રાગ મારૂ-દેશી-ગીત ઝુલણાની ગુજરાતી)

જ્ઞાન અનંતું તાહરે રે, દરિશન તાહરે અનંત૦
સુખ અનંતમય સાહિબા રે, વીરજપણ ઉલશ્યું અનંત૦
અનંતજિન ! આપજો રે, મુજ એહ અનંતા ચ્યાર–અનંત૦
મુજને નહિ અવર શું પ્યાર, તુજને આપતાં શી વાર ? અનંત૦
એહ છે તુજ યશનો કાર,[૧] અનંત૦(૧)
આપ ખજીનો[૨] ન ખોલવો રે-નહિ મિલવાની ચિંતા
માહરે પોતે[૩] છે સવેરે; પણ વિચે આવરણની ભીંત–અનંત૦(૨)

તપ જપ ક્રિરિયા મોગરે રે,[૪] ભાંજી પણ ભાંગી ન જાય,
એક તુજ આણ લહે થકે રે, હેલામાં[૫] પરહી[૬] થાય—અનંત૦(૩)
માત ભણી મરૂદેવીનેંરે જિન ઋષભ ખિણમાં દીધ
આપ-પિયારૂં વિચારતા રે, ઈમ કિમ વીતરાગતા સિદ્ધ ? અનંત૦(૪)
તે માટે તસ[૭] અરથીઆરે, તુજ પ્રાર્થે જે કોઈ લોક
તેહને આપો આંફણી રે,[૮] તિહાં ન ઘટે કરાવવી ટોક[૯]—અનંત૦(૫)
તેહનેં તેહનું આપવું રે, તિહાં શ્યો ઉપજે છે ખેદ ?
પ્રાર્થના કરતે તાહરે રે, પ્રભુતાઈનો[૧૦] પણ નહિ છેદ—અનંત૦(૬)
પામ્યા પામે પામશે રે, જ્ઞાનાદિક જેહ અનંત
તે તુજ આણાથી સવે રે, કહે માનવિજય ઉલસંત—અનંત૦(૭)

---

૧. કરનાર ૨. ખજાનો ૩. જમે પડેલું છે ૪. લોખંડી ગદા ૫. જલ્દી ૬. દૂર ૭. જરૂરવાળા=ગરજુ
૮. આપમેળે ૯. માર્મિક ક્રિયા૧૦. મોટાઈનો

## કર્તા : પૂ. આ. શ્રી જ્ઞાનવિમલસૂરિ મ.

### (એ ડુંગરવારૂ નાયકાની-એ દેશી)

અનંત-જિણેસર ! આપણો હો લાલ અંતરયામી[૧] એહ રે—એ જિનજી વારૂ
નેહ નિબિડ[૨] નિશ્ચય[૩] થયો રે લાલ, જિમ પત્થરની[૪] રેહ રે—એ૦અનંત૦(૧)
અંત કર્યો તેં કર્મનો હો લાલ, પામી ક્ષાયિક ભાવ રે—એ૦
ગુણ અનંત તેહથી લહ્યા રે લાલ, પ્રગટ્યો સહજ સુભાવ રે—એ૦અનંત૦(૨)
બેઠો અનંત-પાંચમે હો લાલ, આઠ અનંત કરી હાથ રે—એ૦
નાથ નહિં કો તાહરો રે લાલ, ભણીયે ત્રિભુવનનાથ રે—એ૦અનંત૦(૩)

એતા દિન નવિ જાણીઓ હો લાલ, તાહરૂં અનંત-સરૂપ રે—એ૦
સુયશા માતા જેહની રે લાલ, તાત સિંહસેન-ભૂપ રે—એ૦અનંત૦(૪)
કાળ અનંતે મેં પામીઓ હો લાલ, હવે કિમ છોડયો જાય રે ? —એ૦
**જ્ઞાનવિમલ** સુખ પોખવા રે લાલ, અવિચલ તુંહી સહાય રે—એ૦ અનંત૦(૫)

---

૧. મનોગત ભાવોને જાણનાર સર્વજ્ઞ ૨. ગાઢ ૩. નક્કી ૪. પત્થરની રેખાની જેમ ૫. પોષણ કરવા

## કર્તા : પૂ. શ્રી ભાવવિજયજી મ.

**(રાગ વેલાઉલ-હીરજીકો દરિસન દેખ્યો મેં ભોર એ-દેશી)**

સેવો ! ભવિયણ ! નાથ ! અનંત ! ચઉદશમો જિન-અનંત સુહાકર[1],
અનંત-ગુણાકર કીરતિ અનંત—સેવો૦(૧)
વંશ-ઈક્ષાગ-નંદનવન-સુરતરૂ, સીંહસેન-રાય-નંદન સંત
સુજસા જસવતી હુઈ જગમાં, જે જિનને જનમી[2] ગુણવંત—સેવો૦(૨)
નયરી અયોધ્યા પ્રભુનો મહિમા, મહિમાંહે વ્યાપે સુ-મહંત
કંચન-કાંતિ દેહ જસ સોહે, સુર[3]ગુરૂ કેરો ગરવ હરંત—સેવો૦(૩)
ત્રીસ લાખ વત્સર જસ જીવિત, સીંચાણો લંછન સોહંત
ધનુષ પચાશ ઉન્નત તનું ઓપે[4], રૂપે ત્રિભુવન-મન મોહંત—સેવો૦(૪)
સુર પાતાલ અંકુશાદેવી, ચરણ-કમલ જસ રમલિ[5]કરંત
ભાવમુનિ મનમાંહિ ધ્યાવે, તે જિનનું અભિધાન સુમંત—સેવો૦(૫)

---

૧. સુખનો ખજાનો-સુખને કરનાર ૨. જન્મ આપ્યો ૩. બૃહસ્પતિનો અથવા સુર દેવોમાં ગુરૂ=શ્રેષ્ઠ=ઈન્દ્રનો ૪. શોભે ૫. ક્રિડા

## કર્તા : પૂ. શ્રી વિનયવિજયજી મ.

(ઋષભજી અમકું તારે રે-એ દેશી)

ગુણ અનંત-અરિહંતના રે, જિનપતિ તેજ અનંત
સુખ અનંત સહજે દીયેં રે, સેવંતાં ભગવંત–
અનંતજી ! આવો અધિક ઉછાહ, મુજ મન-મંદિર માંહિ—અનંતજી૦(૧)
મુખ અનંત જો મુજ હોયે રે, મુખે મુખે જીભ અનંત
ગુણ અનંતના બોલતાં રે, તોહે ન આવે અંત—અનંતજી૦(૨)
જ્ઞાન અનંત મુજ દીઓ રે, દરિશન રિદ્ધિ અનંત
વિનય ભણે તુમ્હથી હજો રે, મુજનેં પુણ્ય અનંત—અનંતજી૦(૩)

## કર્તા : શ્રી હરખચંદજી મ.

(રાગ-ધુંવરીયા મલ્હાર)

ચરન શરન મેં તક[1] આયો તેરી પ્રભુ૦
હું તો દીન અધીન અધમ નર, તું જગબંધુ કહાયો—તેરી૦(૧)
સિંહસેન નરપતિકે નંદન, સુજસા માતા મલ્હાયો[2]
લંછન સીંચાણો અજોધ્યા ઉપજે, કંચનબરન સુહાયો—તેરી૦(૨)
તીશ લાખ વરસ પ્રભુ-આયુ, તનુ ધનુષ પચાસ બતાયો
કુલ ઈક્ષ્વાગ મુગટ શોભાગી, શિવરમણી ચિત લાયો —તેરી૦(૩)
અનંતનાથ અતુલ-બલ સાહિબ, તુમ જસતિંહુ જગ છાયો
હરખચંદકું દેહી[3]અખય સુખ, ભવદુઃખ બહોત સતાયો —તેરી૦(૪)

૧. તાકીને=ધારીને ૨. પુત્ર ૩. આવો

## કર્તા : શ્રી નયવિજયજી મ.

(કોઈલો પરવત ધુંધલોરેલો-એ દેશી)

સહજ સનેહી સેવિયે રે લો, સાહિબ ! અનંત જિણંદ રે—સુગુણ નર !
સેવ્યા સંપદ પામીયે રે લો, દરિશણ પરમાનંદ રે—સુગુણ૦ સહજ૦(૧)
સકળ ગુણે કરી શોભતા રે લો, જગજીવન જિનચંદ રે—સુગુણ૦
સેવ્યા વંછિત સવિ દીયે રે લો, સાચો સુરતરૂ કંદ રે—સુગુણ૦ સહજ૦(૨)
એ જગમાંહિ જોયતાં રે લો, એ સમ નહિ દાતાર રે—સુગુણ૦
ખિણ એક સેવ્યો સાહિબો રે લો, આપે સુખ અપાર રે—સુગુણ૦ સહજ૦(૩)
સકળ સુરાસુર જેહને રે લો, સેવે બે કર જોડ રે—સુગુણ૦
ભગતિભાવ આણી ઘણો રે લો, પ્રણમે હોડાહોડ રે—સુગુણ૦ સહજ૦(૪)
છ જીવકાય રક્ષા કરે રે લો, દુહવે[1] નહિં તિલમાત[2] રે—સુગુણ૦
ક્રોધાદિકથી વેગળો રે લો, અરિહંત તેહ વિખ્યાત રે—સુગુણ૦ સહજ૦(૫)
રિદ્ધિ અનંતી પ્રભુતણી રે લો, કહેતાં ન આવે પાર રે—સુગુણ૦
તોહિ પણ અ-પરિગ્રહી રે લો, કહિયે એ કિરતાર રે—સુગુણ૦સહજ૦(૬)
શક્તિ અનંતી પ્રભુતણી રે લો, કુણ કહી પામે પાર રે—સુગુણ૦
**નયવિજય** પ્રભુ પ્રણમતાં રે લો, નિતનિત જય જયકાર રે—સુગુણ૦સહજ૦(૭)

---

૧. દુભવવું=દુઃખ પહોંચાડવું ૨. જરાપણ

## કર્તા : શ્રી ઋષભસાગરજી મ.

અનંત ! અનંતી વાતના, ગુણદરીયાજી,
ભરિયા થેં ભરપૂર, દીઠાં દિલ કરીઆજી...(૧)
કિરિયા સઘલી ભાંતિરા, દરસીઆજી,
વસિઆ તુજ ચરિત, મુગતિના રસિયાજી...(૨)
લસીઆ[૧] વિણ-ભૂષણ ભલૈ, દિલ વસીઆજી,
ખિસિઆ[૨] અશુભ કરમ ભરમ સહુ ભિસિઆજી[૩]...(૩)
હસિયા મુજ અંગોઅંગઈ, પ્રભુ પરસિઆજી[૪],
વરસીઆ અમૃત મેહ-નેહ મૈં મસિઆજી[૫]...(૪)
સુણિયા અણભણીયા ભણ્યા-અતિ સરસીયાજી,
ઉપદીસિયા ઈણ રીતિ-કરીઅન ઘસિયાજી૦(૫)
સ્યાદવાદ વાણી વદો, ઈમ અસિયાજી,
સો વાતે ભગવંત કરો, મુનિ ખુશીઆજી૦...(૬)
અરજ ઈસ વિના જિનવરજી, થેં જ રસિયાજી,
ચિત્તરંજન ચિત્તરંજી, પ્રભુ શું રસિયાજી૦...(૭)
કરૂણાકર કહી વારતા, તો શું થરસીયાજી
પાયા પ્રભુજીના ચરણ, શરણ અતી છરસીયાજી૦...(૮)
ચઢસી પ્રમાણે સહુ, નાલ સસીયાજી,
**ઋષભ** પ્રભુ પરસાદિ મહાસુખ વિલસીયાજી૦...(૯)

૧. શોભતા ૨. ખસ્યા=દૂર થયા ૩. દૂર થયા ૪. સ્પર્શ થયો ૫. મિશ્રિત

## કર્તા : શ્રી ઉદયરત્નજી મ.

અનંત ! તાહરા મુખડા ઉપર વારી જાઉં રે
મુગતની મુને મોજ દીજે, ગુણ ગાઉં રે—અનંત૦(૧)
એકરસો હું તલસું તુંને, ધ્યાન ધ્યાઉં રે
તુજ મિલવાને કારણ તાહરો, દાસ થાઉં રે—અનંત૦(૨)
ભજન તાહરો ભવો-ભવે, ચિત્તમાં ચાહું રે
ઉદયરત્ન પ્રભુ જો મિલે તો, છેડો સાહું રે—અનંત૦(૩)

## કર્તા : શ્રી જિનવિજયજી મ.

**(લાછલ દે માત મલ્હાર-એ દેશી)**

નામ ધારક અન્ય-દેવ, પ્રભુ પરમારથ હેવ;
આજ હો અનંત-જિણેસર, અનંત ચતુષ્ટયનો ધણીજી...(૧)
સુર પરષદમાંહિ[૧] ઇંદ, ગ્રહગણમાંહિ જિમ ચંદ
આજ હો ! તીર્થમાંહિં શ્રી શેત્રુંજય શિરોમણિજી...(૨)
દાનમાં અભય પ્રધાન, ગુણમાં વિનય નિધાન,
આજ હો ! અલંકારમાં સોહે જ્યૂં ચૂડામણિજી...(૩)
દૂધમાંહિ ગો-ખીર, જલમાં ગંગાનીર,
આજ હો ! સુખમાંહિ સંતોષ સમો જગકો નહીંજી...(૪)
તરૂમાંહિ સહકાર[૨], દાયકમાં જલધાર,
આજ હો ! નંદનવન વનમાંહિ અતીહે મનોહરૂજી...(૫)
તેજવંતમાં ભાણ, ધાતુમાંહે કલ્યાણ[૩]

આજ હો ! પર્વતમાંહિ મેરૂમહીધર[4] સુંદરૂજી...(૬)
સકળ દેવ સિરદાર, મેં ધાર્યો નિરધાર
આજ હો ! **ક્ષમાવિજય** ગુરુ-ચરણયુગ સુપસાઉલેજી...(૭)

---

૧. સમૂહ ૨. આંબો ૩. સોનું ૪. પર્વત

## કર્તા : શ્રી જિનવિજયજી મ.

**(ત્રિભુવન તારણ તીરથ પાસ ચિંતામણિ-એ દેશી)**

અનંત-જિણંદ ! મુણિંદ ઘનાઘન[1] ઉમ્હયો રે—ઘનાઘન૦
સફળ અશોકની છાંહિ સ[2]-ભર-છાહી રહ્યો રે—સભર૦
છત્રાત્રયી ચઉ પાસ ચલંતા વાદળા રે—ચલંતા૦
ચંચળ ચોવીશ ચામર બગપરે ઉજળા રે—બગ૦(૧)
ભામંડલની જયોતિ ઝબૂકે વીજળી રે—ઝબૂકે૦
રત્ન-સિંહાસન ઇંદ્રધનુષ શોભા મિલી રે—ધનુષ૦
ગહિરો[3] દુંદુહિ નાદ આકાશે પૂરતો રે—આકાશે૦
ચઉવિહ દેવનિકાય-મયૂર નચાવતો રે—મયૂર૦(૨)
બહુ-વિધિ ફૂલ અ-મૂલ સુગંધી વિસ્તરે રે—સુગંધી૦
બાર પરષદા નયન સરસીયા કરે રે—સરસીયા૦
સુજયા-નંદન વયણ સુધારસ વરસતો રે—સુધા૦
ભાવિકહૃદય ભૂ-પીઠ રોમાંચ અંકૂરતો રે—રોમાંચ૦(૩)
ગણધર ગિરિવર-શ્રૃંગથી પસરી સુરસરી રે—પસરી૦
નય-ગમ ભંગ-પ્રમાણ તરંગે પરવરી રે—તરંગે૦

ક્રોધ-દાવાનલ શાંતિથી શીતલ ગુણ વહે રે—શીતલ૦
અશુભ-કરમ-ઘન-ઘામ સમાધિ સુખ લહે રે—સમાધિ૦(૪)
વિકસિત સંયમ-શ્રેણિ વિચિત્ર વનવાળી રે—વિચિત્ર૦
આશ્રવ પંચ જવાસ કે મૂળ-સંતતિ બળી રે—મૂળ૦
પસર્યો સુથ સુગાલ દુકાલ ગયો ટળી રે—દુકાળ૦
**ક્ષમાવિજય**-જિન સંપદ વરષા-રૂતુ ફળિ—વરષા૦(૫)

---

૧. ગાઢ વાદળો ૨. સુંદર ૩. ગંભીર ૪. પ્રભુજીની માતાનું નામ ૫. અશુભ કર્મની ગાઢ ગર્મી

## કર્તા : શ્રી હંસરત્નજી મ.

**(નંણદલ ચૂડલીયો વન જલ રહ્યો-એ દેશી)**

સાહેબ એહવો સેવીયેં, જે ગુણનો ભંડાર-ભવિયાં
નિજ શરણાગત જાણીને, નિરવહી લે નિરધાર-ભવિયાં,
પરખી કીજે પારખું(૧)
અવગુણ મન આણે નહી, છટકી ન દાખે છેહ[૧]-ભવિયાં,
ફળ આપે સેવાતણું, સાચો સાહેબ તેહ-ભવિયાં!પરખી૦(૨)
દેવ અવરને સેવતાં, લાભ નહી નિરવાણ[૨]-ભવિયાં,
આખર કિમ ઓછાતણી[૩], પ્રીતિ ચઢે ? પરમાણ-ભવિયાં ! પરખી૦(૩)
ધુમાડાને બાચકે, ગરજ સરે નહિં કાંય-ભવિયાં,
રંગ પતંગી[૪] કારમો, દેખત હી મિટ જાય—ભવિયાં ! પરખી૦(૪)
પોતે પણ પૂરા નહિં, શું ફળ આપે તેહી-ભવિયાં,
આપ સરિખો તે કરે, જે આપે હોએ ગુણગેહ-ભવિયાં ! પરખી૦(૫)

જોતાં પ્રભુ મુજને મળ્યો, અનંતનાથ અરિહંત-ભવિયાં !
સુરગુરૂ પણ પામે નહિ, જેહના ગુણનો અંત-ભવિયાં ! પરખી૦(૬)
પુણ્ય સંજોગે પામીને, સુગુણી પ્રભુનો સંગ-ભવિયાં,
હંસ કહે હવે તેહશું, રાખો અવિહડ રંગ-ભવિયાં ! પરખી૦(૭)

૧. અંત ૨. છેલ્લે ૩. અધૂરાની ૪. હળદરનો

## કર્તા : શ્રી મોહનવિજયજી મ.

### (વીર સુણો મોરી વિનતી-એ દેશી)

અનંતજિણંદશ્યું વિનતિ, મેં તો કીધી હો ત્રિકરણથી[૧] આજ
મિલતાં નિજ સાહેબ ભણી, કુણ આણે હો મૂરખ મન લાજ —અનંત૦(૧)
મુખ:પંકજ[૨] મન-મધુકરૂ[૩], રહ્યા લબ્ધા હો ગુણજ્ઞાને લીણ
હરિ-હર[૨] આવળ[૪]-ફૂલ જ્યોં, તે દેખ્યાં હો કિમ ચિત હેવો પ્રીણ[૫]—અનંત૦(૨)
ભવ[૬] ફરીયો દરીયો[૭] તર્યો, પણ કોઈ હો અણસરીયો[૮] ન દ્વીપ[૯]—અનંત૦
હવે મન-પ્રવહણ માહરૂં, તુમ પદ ભેટે હો મેં રાખ્યું છીપ[૧૦]—અનંત૦(૩)
અંતરજામી મિલ્યે થકે, ફહે[૧૧] માહરો હો સહી કરીને ભાગ
હવે વહિ[૧૨] જાવા તણી, નથી પ્રભુજી હો કોઈ ઇહાં લાગ—અનંત૦(૪)
પલ્લવ[૧૩]ગ્રહિ રઢ[૧૪] લેયશું, નહી મેળો હો જ્યારે તુમે મીટ
આતમ[૧૫] અંબરે જો થઈ, કીમ ઉવટે હો કરારી છીંટ—અનંત૦(૫)
નાયક નિજ નિવાજીયેં, હવે લાજીયેં હો કરતા રસલૂટ
અધ્યાતમ પદ આપવા, કાંઈ નહી પડે હો ખજાને ખૂટ—અનંત૦(૬)

જિમ તુમે તર્યા તિમ તારજ્યો, શું બેસે હો તુમને કાંઈ દામ !
નહી તારો તો મુજને, તો કિમ તુમ હો તારક કહેશ્યો નામ !—અનંત૦(૭)
હું તો જિન રૂપસ્થથી[૧૬], રહું હોઈ હો અહનિશ અનુકૂળ
ચરણ તજી જઈયેં કીહાં ? છે માહરી હો વાતલડીનો મૂલ —અનંત૦(૮)
અષ્ટાપદ [૧૭]પદ મ કરે, અન્ય તીરથ હો જાશે જિમ હેડ
**મોહન** કહે કવિ રૂપનો, વિના ઉપશમ હો નવિ મૂકું કેડ —અનંત૦(૯)

---

૧. મન-વચન-કાયાથી ૨. કમલ ૩. ભમરો ૪. તુચ્છ વનસ્પતિનું નામ છે, જેને ફળ પણ લાગતાં નથી ૫. ખુશ=પ્રસન્ન ૬. સંસારનો ભટક્યો ૭. મોટો સંસાર સમુદ્ર તર્યો ૮. મળ્યો નહીં ૯. આશરા જેવું સ્થળ ૧૦. છુપાવીને ઠેઠ નજીક ૧૧. ધરે છે ૧૨. છટકી ૧૩. છેડો ૧૪. આગ્રહ ૧૫. આખા ઉત્તરાર્ધનો અર્થ સંગત રીતે બેસતો નથી, કંઈક શબ્દ ખૂટતો લાગે છે ૧૬. સમવસરણાકારે ૧૭. આખા પૂર્વાર્ધનો અર્થ ઝલકદાર-વિશિષ્ટ લાગે છે, પણ શબ્દોનો અંગત સંબંધ સમજાતો નથી.

## કર્તા : શ્રી મોહનવિજયજી મ.

### (આદિ પુરૂષ એ આદજી-એ દેશી)

અનંત-જિણંદ ! અવધારીયેં, સેવકની અરદાસ[૧]—જિનજી૦
અનંત અનંત ગુણ તુમતણા, સાંભરે શ્વાસોશ્વાસ—જિ૦અ૦(૧)
સુરમણિ-સમ તુમ સેવના, પામીયેં પુણ્ય-પંડૂર[૨]—જિન૦
કિમ પ્રમાદ તણે વશે, મુકું અધખિણ દૂર ?—જિ૦અ૦(૨)
ભગતિ જુગતિ મનમેં વસો, મનરંજન મહારાજ—જિનજી૦
સેવકની તુમને અછે, બાંહ્ય ગ્રહ્યાની લાજ—જિ૦અ૦(૩)
શ્યું મીઠાં[૩] ધીઠા[૪] દિયેં, તેહનો નહિ હું દાસ—જિન૦
સાથે સેવક સંભવી[૫], કીજે જ્ઞાન પ્રકાશ—જિ૦અ૦(૪)

જાણને શ્યું કહેવું ઘણું ? એક વચન મેલાપ–જિન૦
**મોહન કહે કવિ-રૂપનો, ભક્તિ મધુર જિમ દ્રાખ–જિ૦અ૦(૫)**

૧. વિનતિ ૨. નિર્મળ-ઘણા ૩. મધુરા ૪ આશ્વાસનો ૫. સંભાળી

## કર્તા : શ્રી રામવિજયજી મ.

### (પીઉડા તારૂંજીરેલો–એ દેશી)

અરદાસ[૧] અમારી દિલમે ધારી સાંભળો રે લો
—પ્રભુજી ! પ્રાણ પ્યારા લો,
હિતનજરે[૨] નિહાળો ટાળી મનનો આમળો[૩] રે લો–પ્રભુજી૦
જે પાલવ[૪]વળગ્યા અળગા તે તો કિમ હુશેરે લો–પ્રભુજી૦
આસંગે[૫] હળિયા મળિયા તે તો ચાહશે રે લો–પ્રભુજી૦
મોટી ઠકુરાઈ વળી ચતુરતાઈ તાહરી રે લો–પ્રભુજી૦
દેખી સવિશેખી વાધી દિલસા[૬] માહરી રે લો–પ્રભુજી૦
તુમ પાખે[૭] બીજાશું તો દિલ ગોઠે નહિરે લો–પ્રભુજી૦
સુરતરૂને છોડી બાવળ સેવે કુણ કહિરે લો–પ્રભુજી૦(૨)
જોવા તુજ દરિશણ ખિણ ખિણ તરસે આંખડી રે લો–પ્રભુજી૦
હું ધ્યાઉં ઊડી આઉં પાઉં પાંખડી રે લો–પ્રભુજી૦
સેવકગુણ જોશો પરસન હોશો તો સહીરે લો–પ્રભુજી૦
પામીને અવસર મુજને વિસરશો નહિ રે લો–પ્રભુજી૦(૩)
જગજનને તારો બિરૂદ તુમારો એ ખરો રે લો–પ્રભુજી૦
તો માહરી વેળા આનાકાની કિમ કરો રે લો–પ્રભુજી૦

સેવક સંભાળો વાચા પાળો આપણી રે લો–પ્રભુજી૦
તું જગનો નાયક પાયો મેં ધણી રે લો–પ્રભુજી૦(૪)
શિવનારી સારી મેળો તસ મેળાવડો રે લો–પ્રભુજી૦
અવિગત[૮] પરમેસર અનંત જિનેસર તું વડો રે લો—પ્રભુજી૦
વિમળવિજય વાચકનો બાળક ઈમ ભણે રે લો–પ્રભુજી૦
**રામવિજય** બહુ દોલત નામે તુમતણે રે લો–પ્રભુજી૦(૫)

---

૧. વિનતિ ૨. પ્રમેળ નજરે ૩. કુટલિતા ૪. છેડો ૫. અત્યંત ભક્તિરાગથી ૬. ઉમંગ ૭. વિના ૮. અવ્યક્ત સ્વરૂપવાળા

## કર્તા : શ્રી રામવિજયજી મ.

### (સાબરમતી આવી છે ભરપુર જો એ દેશી)

સુજસા-નંદન[૧] જગ[૨]-આનંદન દેવજો
નેહે રે નવરંગે[૩] નિત નિત ભેટીયેં રે
ભેટયાથી શું થાયેં મોરી સૈઅરો[૪]
ભવ-ભવનાં પાતિકડાં અળગાં મેટીય રે૦.....૧)
સુંદર ચોળી પહેરી ચરણા ચીર રે
આવો રે ચોવટડે જિનગુણ ગાઈયેં રે
જિનગુણ ગાયે શું થાયે મોરી બેની રે
પરભવરે સુરપદવી સુંદર પામીયેં રે૦....(૨)
સહિયર ટોળી ભોળી પરિઘળ[૫] ભાવે રે
ગાવે રે ગુણવંતી હઈડે ગહગહી રે

જગજય-નાયક શિવ-સુખદાયક દેવ રે
લાયક રે તુજ સરિખો જગમાં કો નહી રે૦....(૩)

પરમ નિરંજન નિર્જિત ભગવંત રે
પાવનરે પરમાતમ શ્રવણે[૬] સાંભળ્યો રે
પામી હવે મેં તુજ શાસન પરતીત રે
ધ્યાને રે એક તાને પ્રભુ આવી મળ્યો રે૦....(૪)

ઉંચપણે પચાશ ધનુષનો માન રે
પાળ્યું રે વળી આઉખું લાખ ત્રીશનું રે
શ્રીગુરૂ **સુમતિવિજય** કવિરાય પસાય રે
અહનિશરે દિલ ધ્યાન વશે જગદીશનું રે૦....(૫)

---

૧. પુત્ર ૨. જગતને આનંદ આપનાર ૩. અવનવા ઉત્સાહથી ૪. સખીઓ ૫. ઘણા ૬. કાનથી

## કર્તા : શ્રી કાંતિવિજયજી મ.

**(ઉંબરીઓને ગાજે હો ભટીઆણી રાણી વટ ચૂએ-એ દેશી)**

ઓળગડી ચિત્ત આંણો હો મત જાણો સેવક પારકા,
ચાહો ન કાં ચિત ચાલ હોવે વલી કાંઈ કિણો હો,
મન ઝીણો પીણો જો મોહ રે, તો જોવો નયણ નિહાળ–ઓ૦(૧)

કરિ તો શું એકતારી હો બલિહારિ તુજ ધારિ રહું
આશાયે અનુકૂળ, ઈમ કેતા દિન જાશે હો
કિમ થાશ્યે કામ ઉવેખતાં, કાંઈક કરશ્યો શૂળ–ઓ૦(૨)

મનડાને સમજાવું હો ભરમાવું કિહાં લગે ભોળવી,
ત્યાં તું થાયેં અધીર આતુર તે અકુલાતે હો
મુખવાતે કિમ કરી રિઝાવિયેં, જિમ તરસ્યો[1] વિણ નીર–ઓ૦(૩)
સેવામાં કાંઈ ખામી હો હોયેં સ્વામી તે દેખાડતાં,
લાજ ન કરશ્યો કાંય વ્યવહારે જે વાચી હો
કિમ કાચી વાત વેર[2] પડે, સાચીહી ઠહરાય–ઓ૦(૪)
વિનતડી ચિત સાચી હો પ્રભુ ! સાહી[3] પ્રેમે છાંહડી,
વિકસ્યા વંછિતકોડ ચઉદશમા જિન આગે હો
અતિ રાગે **કાંતિવિજય** કહે, ભગતે બે કરજોડ–ઓ૦(૫)

૧. તૃષાતુર ૨. ઠેકાણે ૩. લીધી

## કર્તા : શ્રી ન્યાયસાગરજી મ.

### (મુજરો તે માનો, મનોહો બંધુજી-એ દેશી)

જિનજી ! પ્યારો (૩) હો સિંધુજી[1], ગુણનો વાલ્હો માહરો–જિન૦
સુયશાનંદન પાપનિકંદન, જગદાનંદન દેવ હો–જિન૦
સુરતરૂ[2] સુરમણિ[3] સુરગવી[4] તુંહિજ, કુણ કરે અવરની સેવ હો–જિન૦
રાત-દિવસ ખિણ ખિણ સંભારૂં, વિસારૂં પલક ન એક હો–જિન૦
માહરે દિલ તો તુંહિજ વસિયો, જગજીવન જગ[5]-છેક હો–જિન૦
પ્રીત પુરાણી કહિયેં ન હોવે, દેહડી જીરણ થાય હો–જિન૦
જરકસી[6] જુની કબહિ હોવે, પિણ સોના રંગ ન જાય હો જિન૦
શ્રી અનંતજિન સાહિબ માહરે, થાંશું અવિહડ નેહ હો–જિન૦

ફેડયો તો કિમ ફીટેલાગો, જિમ પથર[૭]-શિર રેહ હો—જિન૦
ગુણ અનંત પ્રભુ તાહરા ઘટમેં, કહેતાં ન આવે પાર હો—જિન૦
**ન્યાયસાગર** પ્રભુ સેવક ખાસો, બાંહિ ગ્રહીને તાર હો—જિન૦

૧. દરિયો ૨. કલ્પવૃક્ષ ૩. ચિંતામણી ૪. કામધેનુ ૫. જગતમાં શ્રેષ્ઠ ૬. જરીના તારવાળી મખમલની અંગરખી (પહેરણ) ૭. પથ્થર ઉપરની

## કર્તા : શ્રી ન્યાયસાગરજી મ.

### (દેશી કડખાની-આશ્યાઉરી)

શ્રી અનંતપ્રભો સંતહૃદયે વિભો ! ગુણ અનંતા રહે ધ્યાન રૂપા
અતિશયવંત મહંત જિનરાજીયા, વાજિયા પરિ સદા સકળ રૂપા—શ્રી૦(૧)

જ્ઞાનદર્શન સુખ સમકિતાખય-થિતિ, અરૂપી અવગાહના અખય ભાવે
વીર્ય અનંત એ અષ્ટક ઉપનું, આઠ કૃત કર્મ કેરે અભાવે—શ્રી૦(૨)

શ્યેન નિજ ક્રૂરતા ટાળવા તુમ પદેં, લંછન મિસિ રહ્યો સેવ સારે
સદયતા સુભગતાદિક ગુણ તુમ તણી, સેવના પાવનાનેં આધારે—શ્રી૦(૩)

સિંહસેન ભૂપ સુજસા[૧] તણો નંદનો, ચૌદમો ચૌદ ભૂયગામ પાળે,
ચઉદ ગુણઠાણ સોપાન[૨] ચઢી નિજ ગુણ, આવતા આપમાંહિ સંભાળે—શ્રી૦(૪)

અનંતજિન-સેવથી અનંત-જિનવર તણી, ભક્તિની ભક્ત નિજ શક્તિ સારૂં,
**ન્યાયસાગર** કહે અવનિતળે જોયતાં, એહ સમ અવર નહી કોય તારૂ—શ્રી૦(૫)

(ઝાંઝરીયા મુનીવર ધન ધન તુમ અવતાર-એ દેશી)
અનંત-જિનેસર ચૌદમાજી, આપો ચ્યાર અનંત
અનંત-વિમલ વચ્ચે આંતરોજી, સાગર નવ તે કહંત
સોભાગી જિનશું મુજ મન લાગો રંગ–સો૦(૧)
શ્રાવણ વદિ સાતમ દિનેજી, ચ્યવનકલ્યાણક જાસ
વૈશાખ વદિની તેરસેજી, જનમે જગતપ્રકાશ–સો૦(૨)
ધનુષ પચાશની દેહડીજી, કંચન વરણ શરીર
વૈશાખ વદિ ચૌદશ દિનેજી, સંજમ સાહસ ધીર–સો૦(૩)
વૈશાખ વદિની ચૌદશેજી, પામ્યા જ્ઞાન અનંત
ચૈતર સુદિની પાંચમેજી, મોક્ષ ગયા ભગવંત–સો૦(૪)
ત્રીશલાખ વરસ તણુંજી, ભોગવ્યું ઉત્તમ આય
**પદ્મવિજય** કહે સાહિબાજી, તુમ તૂઠે શિવ થાય–સો૦(૫)

## કર્તા : શ્રી પદ્મવિજયજી મ.

(વિમલજિન વિમલતા તાહરીજી-એ દેશી)
અનંતજિન જ્ઞાન અનંતતાજી, મુજથી કેમ કહેવાય ?
અનંત આગમમાંહિ તોલિઆજી, એ ખટ પયથ્થ જિનરાય–અનંત૦(૧)
જીવ પુદગલ સમય એ ત્રિહુંજી, દ્રવ્ય પરદેશ પર્યાય
થોડલા જીવ પુદગલ તિહાંજી, અનંતગુણા ઠહરાય–અનંત૦(૨)
અનંતગુણ તૈજસ એક છેજી, અનંતગુણ કાર્મણ તાસ

બદ્ધ ને મુક્ત ભેળા વળીજી, તિણે અનંતગણી રાશ–અનંત૦(૩)
અનંતગુણ સમય તેહથી કહ્યાજી, સાંપ્રતસમય સહુમાંહી
વ્યાપિઓ તિણે તેહથી વળીજી, દ્રવ્ય અધિકા કહ્યા ત્યાંહિ–અનંત૦(૪)
જીવ-પુદગલાદિ પ્રક્ષેપથીજી, થાયે અધિકા એમ તેહ
છે પરદેશ અનંત ગુણાજી, નભ-પરદેશે કરી એહ–અનંત૦(૫)
શ્રેણી અનાદિ-અનંતનીજી, થાય ઘન-નભ-પરદેશ
કાળનો તે ઘન નવિ હોયેંજી, તિણે અનંત ગુણ પરદેશ–અનંત૦(૬)
તેહથી અનંતગુણ પજ્જવાજી, અગુરુલહુ પજ્જય અનંત
એક પરદેશી વિષે ભાખિઆજી, થાય સમુદાય કરંત–અનંત૦(૭)
અનંતજિન કેવલજ્ઞાનમાંજી, દેખતા નિતુ પ્રત્યક્ષ
જિનવર ઉત્તમ મહેરથીજી, **પદ્મનેં** પણ હોય લક્ષ–અનંત૦(૮)

## કર્તા : શ્રી વિજયલક્ષ્મીસૂરિ મ.

(દેશના દેઈ તારે-એ દેશી)

અનંતજિન સહજવિલાસી,
પ્રભુ લોકાલોક પ્રકાશી; કેવલજિન નાણવિકાસી,
જિણંદરાય ! દેશના દેઈ તારે,
ભવ-જલનિધિ પાર ઉતારે–જિ૦(૧)
ગુણી ખાણી સત્યવંતી, નયગ્રામ ધારક ધનવંતી,
ભવિ ચિત્તપંકજ વિલસંતી–જિ૦(૨)
ત્રિભુવનપતિ ત્રિગડે સોહે, ત્રિભુવન જનનાં મન મોહે,

તરણી[1] થરે જન પડિબોહે–જિ૦(૩)
નવિ મત એકાંત ભણંતી, જેહ ચ્યાર નિક્ષેપાવંતી,
ખટ - ભાષામાં પ્રણમતી –જિ૦(૪)
ઉપજે વ્યય થિર ત્રિક રૂપ, સર્વ ભાવમાં વર્તન સ્વરૂપ
તે કહેવા વચન અનુપ–જિ૦(૫)
પણતીસ ગુણે ગુણવંતી, સમકાળે સંશય હરંતી,
મુનિ શુભચેતના વિકસંતી –જિ૦(૬)
કેવલ-કાસારથી[2] નિકસી, નિશ્ચય-વ્યવહાર પ્રશંસી,
મિથ્યા કલિમલ વિધ્વંસી –જિ૦(૭)
સુણતાં જિનવાણી શી વાંચ્છા, ખટમાસની ભોજન ઇચ્છા,
દૂરે નિગમે ભવ વિચ્છા[3] –જિ૦(૮)
સવિ દોષહરણ જિનવાણી, **સૌભાગ્ય-લક્ષ્મીસૂરિ** જાણી,
એ તો સમકિત-સુખની નિસાણી–જિ૦(૯)

---

૧. સૂર્ય ૨. તલાવ=પદ્મદ્રહથી ૩. ઝંખના

## કર્તા : શ્રી કીર્તિવિમલજી મ.

શ્રી અનંતજિન સાહિબા રે,
તુમે છો દીન-દયાળ મનના માન્યા
ત્રણ જગત જોતાં થકા રે,
પામ્યો પ્રભુજી [1]મયાલ-મનના માન્યા.
આવો ! આવો ! ઉત્તમ ગુણ-રાગી,
પ્રભુ-ગુણ ગાવા મતિ જાગી;

હું પામ્યો આનંદ પૂર—મનના માન્યા૦આવો(૧)
સિંહસેન-કુલ-દિનમણિ રે, સુયશા માતા ઉર હંસ—મન૦
અયોધ્યા નગરીનો રાજિયો રે, સયલ ગુણ-અવતંસ —મનના૦આવો(૨)
વરસીદાન દેઈ કરી રે, ટાલે દારિદ્ર-દુઃખ—મનના૦
ચારિત્ર લેઈ સહસ-ભૂપશું રે, દેતા જીવને સુખ —મનના૦આવો(૩)
કેવળજ્ઞાન પામી કરી રે, દે ભવિને ઉપદેશ—મનના૦
દાન શીયળ તપ ભાવના રે, કરો ભવિ શુભ લેશ —મનના૦આવો(૪)
ચૌદમે ગુણઠાણે ચઢી રે, ચૌદમા જિને શિવ લીધ—મનના૦
**ઋદ્ધિ-કીર્તિ** પદવી થાપીને રે, આપો અમૃતસિદ્ધ —મનના૦આવો(૫)

---

૧. દયાળુ

## કર્તા : શ્રી દાનવિમલજી મ.

અનંત જિનવર માહરાજી, આતમારામ અનંત
સંત-દશામાં નિરખતાંજી, ભાજે ભાવઠ તંતજી હો—અનંત૦(૧)
મોહ ગહિલાં માનવીજી, ઠીક નહિં એક ઠામ
પરમારથ જાણ્યા વિનાજી, કોઈ સીઝે નહિ કામજી હો—અનંત૦(૨)
રીઝવવું છે દોહિલુંજી, બાલકને બલવંત
મોતીહાર પરોવતાંજી, ગુણ આપે ગુણવંતજી હો—અનંત૦(૩)
નેહ ઘણો મલવા તણોજી, તે કહી ન શકું આપ
ભાગ્યદશા તેહવી ફલેજી, તો મલી શકે બાપજી હો—અનંત૦(૪)
પુણ્ય પસાયતે પામીયોજી, વિમલ ગુણાકર ગાન
મીઠી મીટ મોંટા તણીજી, એહિજ વાંછિત દાનજી હો—અનંત૦(૫)

## કર્તા : શ્રી વિનીતવિજયજી મ.

### (દેશી-ધણરા ઢોલાની)

અનંત તીર્થંકર વિનતિ રે, સેવકની અવધાર,-મનના માન્યા૦
દેવ અવર દીસે નહી રે, તારક જગદાધાર-મનના માન્યા૦
મોરે દિલઘર આવો હો મહારાજ,
મોરે મનઘર આવો હો મહારાજ, મોરા જીવનપ્રાણ આધાર૦..(૧)
ચાકરી ચોર હું તાહરો રે, તું ભગતવત્સલપ્રતિપાળ,-મન૦
તેહ ભગતિ દિલમાં વસી રે, માહરી શ્યે ન કરો સંભાળ–મનના૦...(૨)
કે નિવાજ્યા કે નિવાજશો રે, કેતાં આપ્યાં શિવરાજ–મનનાં૦
માહરીવેળાએ વિમાસવું રે, એ ન ઘટે જિનરાજ–મનના૦..(૩)
માતા સુજસાનો નંદલોરે, સાચો સુરતરૂકંદ–મનના૦
**મેરૂવિજય** શિષ્ય ઈમ કહે રે, એહ ગાતાં પરમ આનંદ–મનના૦..(૪)

## કર્તા : શ્રી અમૃતવિજયજી મ.

### (રાગ કાફી જંગલો)

ઐસે જિનવર ધ્યાઇએં પ્રાણી ! ઐસે. જ્યોં નિજ પ્રભુતા પાઈએ-પ્રાણી–ઐ૦(૧)
સુજસાનંદ પરઊપગારી, જગતારનકું ભયે અવતારી–ઐ૦(૨)
વરજિત દોષ અઢારે ભારી, મહિમાવંત બડે શિરદારી–ઐ૦(૩)
અનુપમ રૂપકી આગુ હારી, દેવ અનુત્તરકી છબી સારી–ઐ૦(૪)
અનંત ચતુષ્ટય અવિકારી, ગુણપર્યાય રહે વિસ્તારી–ઐ૦(૫)
સેહેજ વિહારી કેવળ ધારી, અતિશયવંત કમલ સંચારી–ઐ૦(૬)

યા દેવનકી ખિજમતગારી, કરિહોં જાન પિછાન સુધારી–ઐં૦(૭)
બગસો[1] અપનો પદ સુખકારી, વા સાહેબસોં કીજે યારી–ઐં૦(૮)
કહે **અમૃત** મોકું અધિકારી, કીજે અનંતજિન આપ સ્વીકારી–ઐં૦(૯)

---

૧. આપો.

## કર્તા : શ્રી પ્રમોદસાગરજી મ.

### (વાહલેશ્વર મુજ વિનંતિ ગોડીચારાય-એ દેશી)

નગરી[1] અયોધ્યારાજીયો-જિણંદરાય, સંત [2]અનંત-ભગવંતરે–જિ૦ ।
[3]સિંહસેન [4]સુયશામાતનો–જિ૦, નંદન શુભ ગુણવંતરે–જિ૦ન૦ ॥૧॥
ત્રીસ લાખ વરસનું [5]આઉખું–જિ૦, તાપિત[1] સોવન [6]વાનરે–જિ૦ ।
[7]સીંચાણો સેવા કરે,–જિ૦, પચાસ ધનુષનું [8]માનરે–જિ૦ન૦॥૨॥
[9]પાતાલજક્ષને [10]અંકુશા, જિ૦, જિનશાસન જયકાર રે–જિ૦
[2]પંચાશત્ [11]ગણનાયકા–જિ૦, આગમજલ આધાર રે–જિ૦ન૦॥૩॥
**સહસ** બાસઠ સંજતા–જિ૦, ધરમધુરંધર [12]સાધરે–જિ૦ ।
**સહસ બાસઠ**[13]**સાધવી**–જિ૦, તપ જપ કરે નિરાબાધરે–જિ૦ન૦॥૪॥
**શક્તિ** અનંતી નાથની–જિ૦, પામ્યોએ ઠામ અનંતરે–જિ૦ ।
**પ્રમોદસાગર** ઈમ વિનવે–જિ૦, આપો ઠામ અનંત રે–જિ૦ન૦॥૫॥

---

૧. તપાવેલા સોના જેવી કાંતિ ૨. પચાસ

## કર્તા : શ્રી ભાણચંદ્રજી મ.

(જિણંદા તારી વાણીયે મન મોહ્યું એ દેશી)

અનંત અનંત ભગવંત, અનુપમ કેવળ કમળા કંત ।
મુરત સંત પસંત જસ છાજેરે, જશ છાજેરે શક્તિ અનંત
પ્રભુજી તારા રૂપની બલિહારી રે,
જિણંદા હાંરે બલિ હારી રે હાંરે બલિહારી રે !
હું તો વારીરે પ્રભુજી ! તારા રૂપની બલિહારી..॥૧॥
રૂપે મોહ્યા ત્રિભુવન લોક, હરખ્યા નર નારીના થોક ।
[1]દિનકર ઉદયે જિમ [2]કોક, રંગે ગાવેરે રંગે ગાવેરે
જિનગુણ શ્લોકરે પ્રભુજી ! તારા૦..॥૨॥
પ્રાકૃત-નરથી અધિક રૂપ, નિર્જિત [3]મંડળ [4]મંડળ ભૂપ ।
તેહથી બળદેવા અનૂપ, કીર્તિપુરૂખારે,
કીર્તિપુરૂખારે અતુળસ્વરૂપરે પ્રભુજી ! તારા૦..॥૩॥
એહથી ભરતાધિપ રાજાન, તેહથી વ્યંતર રૂપનિધાન ।
ભવન-જ્યોતિષ ચઢતે વાન, અનુક્રમે બારેરે
અનુક્રમે બારેરે વસે જે વિમાનરે-પ્રભુજી—તારા૦..॥૪॥
ગ્રૈવેયક જે કલ્પાતીત, પાંચ અનુત્તારવાસી પ્રતીત; !
અનુક્રમે ચઢતે રૂપ વિદીત, તેહથી અધિકેરે
તેહથી અધિકેરે સાધુ વિનીતરે—પ્રભુ-તારા૦..॥૫॥
જે કોઈ ચઉદહ પૂરવ ધાર, આતમલબ્ધિ તણે અનુસાર !
વિરચે આહારકતનુ સાર,
તે તો રૂપેરે તે તો રૂપેરે તેજ અપારરે પ્રભુ૦તારા૦ ॥૬॥

એહથી ગણધર રૂપ રશાળ, તેહથી રૂપ અનંત વિશાળ !
જેહની ઉપમા નહિં ત્રિહુંકાળ, એહવું પ્રભુનું રે
એહવું પ્રભુનું રે રૂપ દયાળરે–પ્રભુ૦ તારા૦॥૭॥
જગમાં મનોહર પુદ્‌ગળ જેહ, જેહથી નિપજ્યું પ્રભુનું દેહ !
જાણું છતમાં તેટલા તેહ, જેણે બીજોરે
જેણે બીજોરે નહી ગુણગેહરે–પ્રભુ૦ તારા૦॥૮॥
રૂપ અનંતુ તુમ જિનરાય, તે મેં કિમ વર્ણવ્યું જાય !
પામી વાઘજી મુનિ સુપસાય, જિન ચૌદમા રે
જિન ચૌદમા **ભાણચંદ્ર** ગાયરે–પ્રભુજી૦ તારા૦॥૯॥

૧. સૂર્ય ૨. ચક્રવાક ૩. સમૂહ ૪. દેશાધિપતિ રાજાઓ

## કર્તા : શ્રી ખુશાલમુનિજી મ.

**(સોનલ રે કેરડી ચાલ રૂપલાનાં પરાથાળિયાં રે-એ દેશી)**

સાહિબારે ! અનંત જિનરાજ તુમે તો જઈ અળગા રહ્યા રે
સાત રાજે રે ! એહવા દૂર તુમ દરશણના [૧]ઉમહયા રે
એ જગમાં રે ભવિ-જનલોક તાહરા ગુણને ગાવતા રે
મનશુદ્ધિ રે એકણ-રાગ ભાવના રૂડી ભાવતા રે..॥૧॥
કહો તેહને આપણા દાસ [૨]લેખવીને સંભાળશે રે
કોણ એહવો રે પૂરે પ્રેમ તુમ વિણ બીજો પાળશે રે
તે માટે રે માહરા મનમંદિરમાં આવવું રે
વીતરાગજી રે વિનતિ એહ માની સુખ ઉપજાવું રે..॥૨॥

તે દેખી રે જાયે દુઃખ દોહગડાં દૂરે હરે રે
તિહાં [4]લેખણ રે કાગળ એક લિખવા નહી શાહી વળી રે
કાંઈ ન ચળે [5]વાટ-વિશેષ વિષય-કષાયે સંકળી રે ।।૩।।
સસનેહા રે સુગુણ સુજાણ, હિયડાથી નવિ વિસરે રે
સાંભળતા રે વાર હજાર, બલિહારી તે ઉપરે રે
જન ઈહાંથી રે આવે ત્યાંહ, તિહાંથી ઇંહાં આવે નહીં રે
સંદેશે રે મુજને જેહ, સંભળાવે વાહલો સહી રે ।।૪।।
હોય દોહિલો રે જેહનો યોગ, મિળવાનો તો મિત્તશું રે
કાંઈ કરાવો રે તેહશું નેહ, તે સંતાપની ભીતિ શું રે
શ્રી ગુરુજી રે અખયસૂરીશ, હેજ નજર શું જોયશે રે
ત્યારે ફળશે કામિત વાત, **ખુશાલમુનિ** દુઃખ ખોયશે રે ।।૫।।

---

૧. ઉમંગવાળા ૨. માનીને ૩. કાગળ ૪. કલમ ૫. રસ્તો

## કર્તા : શ્રી ચતુરવિજયજી મ.

(લાલ કસુંબલ પાઘડીજી-એ દેશી)

ચાલો સહીયર ! જિન વંદવાજી રે, અનંતનાથ ગુણ ગેહરે જીરે ચા૦ ।
સરીખા સરીખી સાહેલજી રે, વધાવે ઘણે નેહરે જીરે–ચા૦॥૧॥
તાલ મૃદંગ ધ્વનિ વાજતીજીરે, સમવસરણ મંડાણ રે, જીરે,
તાથૈ તતથૈ નાચતીજીરે, લીએ ફુદડી ઘમસાણ રે જીરે–ચા૦॥૨॥
ટાળક વારક મોહનાજીરે, તરણતારણ જિહાજરે જીરે;
લાગ્યો છે રંગ તે ચોળનોજીરે, આતમરામ મહારાજરે જીરે–ચા૦॥૩॥
ગોમય અંગની સમાણાજીરે, ચ્યાર તે કરી રહ્યા ચુપરે જીરે;
અતિશયધારી આપણાજીરે, ત્રિલોકીક જિન-ભૂપરે જીરે–ચા૦ ॥૪॥
આઠ સત્તર એકવીશનીજીરે, પૂજાકાર એ ભાવન રે જીરે;
અરચી ચરચી મ્હાલ શું જીરે, નાટિક કેઈ કેઈ રાગનારે જીરે–ચા૦ ॥૫॥
ત્રિવિધ ભાવના ભાવતાજીરે, પરિમલ તાપણું થાયરે જીરે ।
અવસર લહી નવિ ચૂકીએજીરે, જિમ જુઓ રાવણરાયરે જીરે–ચા૦ ॥૬॥
જિન ગુણ-ગણશુ ગોઠડીજીરે, અવર ન આવે કોઈ દાયરે જીરે ।
લળી લળી કરતી લુંછણાંજીરે, પ્રભુ ગુણ ચતુર સહાયરે જીરે–ચા૦ ॥૭॥

## કર્તા : શ્રી દેવચંદ્રજી મ.

(દીઠી હો પ્રભુ ! દીઠી જગગુરૂ ! તુજ એ દેશી)

મૂરતિ હો પ્રભુ ! મૂરતિ અનંતજિણંદ,
તાહરી હો પ્રભુ ! તાહરી મુજ નયણે વસીજી ।
સમતા હો પ્રભુ સમતા-રસનો કંદ,
સહેજે હો પ્રભુ સહેજે અનુભવ રસલસીજી ॥૧॥
ભવદવ હો પ્રભુ ભવ-દવ તાપિત જીવ,
તેહને હો પ્રભુ તેહને અમૃતઘન સમીજી ।
મિથ્યાવિષ હો પ્રભુ મિથ્યા વિષની ખીવ[1],
હરવા હો પ્રભુ હરવા જાંગુલિમન રમીજી ॥૨॥
ભાવ હો પ્રભુ ભાવ ચિંતામણિ એહ,
આતમ હો પ્રભુ આતમસંપત્તિ આપવાજી ।
એહિ જ હો પ્રભુ એહિ જ શિવસુખગેહ,
તત્ત્વ હો પ્રભુ તત્ત્વાલંબન થાપવાજી ॥૩॥
જાયે હો પ્રભુ જાયે આશ્રવ [2]ચાલ.
દીઠે હો પ્રભુ દીઠે સંવરતા વધેજી

રત્ન હો પ્રભુ રત્ન-ત્રયી ગુણમાળ,
અધ્યાતમ હો પ્રભુ અધ્યાતમ સાધન સધેજી ॥૪॥
મીઠી હો પ્રભુ મીઠી સૂરતિ તુજ,
દીઠી હો પ્રભુ દીઠી રૂચિ બહુ માનથીજી
તુજ ગુણ હો પ્રભુ તુજ ગુણ ભાસન યુક્ત,
સેવે હો પ્રભુ સેવે તસુ ભવ ભય નથીજી ॥૫॥
નામે હો પ્રભુ નામે અદ્‌ભુત રંગ,
ઠવણા હો પ્રભુ ઠવણા દીઠાં ઉલ્લસેજી
ગુણ-આસ્વાદ હો પ્રભુ ગુણ-આસ્વાદ અભંગ,
તન્મય હો પ્રભુ તન્યમતાએ જે ધસેજી ॥૬॥
ગુણઅનંત હો પ્રભુ ગુણ અનંતનો વૃંદ,
નાથ હો પ્રભુ નાથ અનંતને આદરેજી
**દેવચંદ્ર** હો પ્રભુ દેવચંદ્રને આણંદ,
પરમ હો પ્રભુ પરમ મહોદય તે વરેજી ॥૭॥

---

૧. પીડા ૨. ટેવ

## કર્તા : શ્રી જીવણવિજયજી મ.

(નિરખ્યો નેમિ જિણંદને, અરિહંતાજી, એ દેશી)

આજ અમારે આંગણે-સોભાગી રે,
[1]સુરતરૂ ફલીયો સાર-સાહિબ ગુણ રાગી રે ।
અનંત અનંતા જ્ઞાનનો-સો૦, દીઠો દેવ ભંડાર—સા૦ ॥૧॥
ઓલંઘે ઉંબર ઘણા-સો૦, તેહને કેતા ઈશ-સા૦ ।
એકમનો હું [2]તો થકી-સો૦, ચાહું છું [3]બગસીસ—સા૦ ॥૨॥
આપ-સરૂપી હોઈ ને,-સો૦, બેઠા થઇ બલવાન-સા૦ ।
મરણ જરા ને જનમના-સો૦, ભય ભાંગ્યા ભગવાન—સા૦ ॥૩॥
સાચી વિધિ સેવા તણી,-સો૦, અવધારી અરિહંત-સા૦ ।
મનહ મનોરથ પૂરજો-સો૦, ભક્ત તણા ભગવંત—સા૦ ॥૪॥
કર્મરહિત કિરતારની-સો૦, એવા શિવદાતાર-સા૦ ।
**જીવણવિજય** તણો,-સો૦, આપ્યો પુણ્ય-અંબાર—સા૦ ॥૫॥

---

૧. કલ્પવૃક્ષ ૨. તારી પાસેથી ૩. ઇનામ

## કર્તા : શ્રી દાનવિજયજી મ.

(ચોપાઈ-કલ્યાણ)

પ્રભુ ! તુમ નામ છે નાથ અનંત, તુમ ગુણ પણ છે અ-કલઅનંત ।
છે અનંત-સુખનો તુજ ભોગ, દુઃખ અનંતનો કર્યો વિયોગ ॥૧॥
વીર્ય અનંત તુજ પાસે વસે, જ્ઞાન-અનંતે તું ઉલ્લસે ।
તિમ અનંત-દર્શન શ્રીકાર, આપ અનંત થયા અ-વિકાર ॥૨॥
તું અનંત કરૂણા-જલ-કૂપ, તાહરી જ્યોતિ અનંત-સરૂપ ।
તુજ અનંત વાણી વિસ્તરે, તેહથી ભવિક અનંત તરે ॥૩॥
દ્રવ્ય અનંત તુજને પ્રત્યક્ષ, તિમ અનંત-પર્યાય પણ લક્ષ્ય ।
તું અનંત-લક્ષણનો ગેહ, બળ અનંત પૂરણ તુજ દેહ ॥૪॥
તે માટે સુણ દેવ અનંત ! તાહરી છે પ્રભુ શક્તિ અનંત ।
મુજને પણ સુખ દેહી અનંત, **દાન** કહે ધરી હરખ અનંત ॥૫॥

## કર્તા : શ્રી મેઘવિજયજી મ.

(તુમે બહુ મૈત્રી રે સાહિબા-એ દેશી)

જ્ઞાન અનંત અનંતનું, દરિશન ચરણ અનંત ।
સ-રસ કુસુમ વરસે ઘણાં, સમવસરણ સુહંત-
અતિશય દીસે જિન–નાથના..॥૧॥
નવ-પલ્લવ દેવે રચ્યો, તરૂવર નામ અ-શોક ।
દેઈ પ્રદક્ષિણા દેવને, વાણી સુણે સવિ લોક–અતિ૦॥૨॥
વાણી જોજન-ગામિની, સુર નર તે તિરિયંચ ।

ધ્વનિ માધુરી પ્રતિબુઝવે, કહે સંસાર-પ્રપંચ—અતિ૦॥૩॥
ચિહું દિશિ વર ચામર ઢળે, સુરપતિ સારે છે સેવ ।
મણિમય કનક-સિંહાસને, બેઠા દેવાધિદેવ—અતિ૦॥૪॥
પૂંઠે ભામંડળ ઝળહળે, ગાજે દુંદુભિ ગાજ ।
છત્રાત્રયી શિર ઉપરે, મેઘાડંબર સાજ—અતિ૦॥૫॥

## કર્તા : શ્રી કેશરવિમલજી મ.

### (સાહિબ બાહુ જિનેસર વિનવું-એ દેશી)

સાહિબ ! અનંત-જિણંદ ! મયા કરો, આપણો જાણી જિણંદ-હો ।
સા૦ ! સહજ-સનેહ હૈયે ધરી,
ઘો દરિસણ સુખ-કંદ હો-સાહિબ! અનંત૦॥૧॥
સા૦ ! વિણ-કહેવે જ્ઞાને કરી, તું જાણે જગ-ભાવ હો ।
સા૦ ! તુજ દીઠે મન ઉલ્લસે,
મિલણ તણો ધરી દાવ હો-સાહિબ ! અનંત૦॥૨॥
સા૦ ! થોડો હી પણ તુમ તણો, મિલણ મહા સુખદાય હો ।
સા૦ ! એકજ બિંદુ અમીતણો,
તાપ-નિવારક થાય હો-સાહિબ ! અનંત૦॥૩॥
સા૦ ! જયું મન માહરે તું રમે, તિમ તુમ મન મુજ વાસ હો ।
સા૦ ! જો પ્રભુ ! મન શું મન મિલે,
તો પુગે મન આશ હો-સાહિબ ! અનંત૦॥૪॥

સા૦ ! મુજ ભગતે સુપ્રસન્ન થઈ તારો અનંત-જિણંદ હો ।
સા૦ ! **કેશર-વિમલ** ઈમ વિનવે,
તુજ દરિસણ સુખ-કંદ હો-સાહિબ ! અનંત૦।।૫।।

## કર્તા : શ્રી કનકવિજયજી મ.

**(થારા મહેલા ઉપરિ મેહ ઝરોંખઈ વીજલી હો લાલ-એ દેશી)**

અનંતનાથ-જિનરાજ કરું હું વિનતી
હો ! લાલ ! કરું હું વિનતી
મનમોહન મહારાજ જે મુઝ મનમાં
હુંતી હો ! લાલ ! મુઝ મનમાં હુંતી ।
મોહ લગાડી [1]મોહિ કઈ [2]છેહ ન દીજીઈ
હો લાલ ! છેહ ન દીજીઈ
પ્રેમ ધરી ચિત્તમાંહી કઈ કરુણા કીજઈ
હો લાલ ! કઈ કરુણા કીજઈ....।।૧।।
અવર [3]દેવ-ઘર દ્વાર તજી ઈક તાહરી
હો ! લાલ ! તજી ઈક તાહરી
કરઈ અહનિશિ સેવ કઈ મનિ આશા ધરી
હો ! લાલ ! કઈ મનિ આશા ધરી ।
આપીઈ નિજપય-સેવ કઈ દેવ ! વિનતિ કરી
હો ! લાલ ! કઈ દેવ વિનતિ કરી
માંગીએ નિતમેવ કઈ કર જોડી કરી

હો ! લાલ ! કઈ કર જોડી કરી...॥૨॥
ઉત્તમ નર હુંઈ જેહ તે સેવા ફલ દિઈ
હો ! લાલ ! તે સેવા ફલ દિઈ
ખાલી ખિજમતી ખોય કઇ અપજશ નવિ લિઇ
હો ! લાલ ! કઈ અપજશ નવિ લિઇ ।
આવ્યઈ અવસરઈ સાર કરઈ, સેવક તણી
હો ! લાલ ! કરઈ સેવક તણી
ઉપગારી-સિરદાર કઈ જે ત્રિભુવન-ધણી
હો ! લાલ ! કઈ જે ત્રિભુવન ધણી...॥૩॥
જેહસ્યું જેહની પ્રીતિ તે ચાહઇ તેહનઇ
હો ! લાલ ! ચાહઈ તેહનઇં
છાંડી અવર [૪]જલ-ઠામ ચકોર જિમ મેહનઇં હો !
લાલ ! ચકોર જિમ મેહ નઇં ।
કમલ [૫]મુદિત રવિ દેખિ, કુમુદ જિમ ચંદનઇં હો !
લાલ ! કુમુદ જિન ચંદનઇં
ભાસુર સુર-ગણ જેમ કઇ [૬]વિલસઈ નંદનઇં હો
લાલ ! કઉ વિલસઈ નંદનઇં...॥૪॥
તિમ લાગું તુમ્હ પયઇં ચિત્ત કઇ ટાલું નવિ ટલઇ હો !
લાલ ! કઈ ટાલું નવિ ટલઈ
સુપન માંહઇં સો વાર કઈ, તુમ્હસ્યું જઈ મિલઇ હો !
લાલ ! કઇ તુમ્હસ્યું જઇ મિલઇ ।

**કનકવિજય** કહઈ દેવ અરજ અવધારિઈ હો !
લાલ ! અરજ અવધારિઈ
પરગટ આપી ભેટિ કઈ તન-મન ઠારિઈ હો !
લાલ ! કઇ તન મન ઠારિઈ...।।પ।।

---

૧. મને ૨. વિયોગ ૩. મંદિરોનાં બારણાં ૪. સરોવરો ૫. ખીલેલ ૬. નંદન વનમાં

## કર્તા : શ્રી રૂચિરવિમલજી મ.

**(ઢાલ સીતાના ગીતની)**

પ્રણમી હો ! પ્રભુ ! પ્રેમે અનંત જિન સ્વામી
નમે હો ! પ્રભુ ! નવનવી નવનિધિ નિપજૈ જી૦ ।
પામે હો ! પ્રભુ ! પૂરણ[1] કામિત [2]કામ
સેવ્યાં હો પ્રભુ ! અભિનવ શિવસુખ સંપજૈ જી....।।૧।।
લાગો હો ! પ્રભુ ! તુમ સોં અ-વિહડ નેહ
સમરું હો ! પ્રભુ ! નિત નિત તામ નિરંતરેં જી ।
કર્મહીન હો ! પ્રભુ ! નેહી આપે છેહ
સજન હો પ્રભુ ! સજન જન જનમાંતરેજી....।।૨।।
વાણી હો ! પ્રભુ ! વાણી અમૃત-રસવૃંદ
વરખી હો ! પ્રભુ ! હરખ્યા સુરનર મોરડાંજી ।
અભિનવ હો પ્રભુ ! મુખ પુનિમનો ચંદ્ર
નીરખી હો પ્રભુ ! મોહ્યા ભવિક ચકોરડાંજી....।।૩।।
કીજૈ હો પ્રભુ સેવકની પ્રતિપાલ
દીજયેં હો પ્રભુ ! દીજયે હો દરશન ચિત્ત ધરીજી ।
પાલો હો ! પ્રભુ ! પૂર્વ પ્રીત રસાલ,

ટાલો હો પ્રભુ ! દુરગતિ દુરમતિ [3]દુખ-દરીજી....॥૪॥
દાયક હો પ્રભુ ! નાયક સુખદાતાર
તારક હો ! પ્રભુ ! જગતારક જગમાં જયોજી ।
રુંપે હો ! પ્રભુ ! નિર્જિત કામકુમાર
ગાતાં હો ! પ્રભુ ! રૂચિર-જનમ સફલો થયોજી....॥૫॥

---

૧. ઈચ્છિત ૨. વસ્તુઓ ૩. દુઃખની ગુફા જેવી

## કર્તા : શ્રી ભાવપ્રભસૂરિ મ.

### (માલી કેરે બાગમેં-એ દેશી)

અનંતનાથ ભગવંતની, [1]બાંહિ હું વલગો લો-અહો રે બાંહિ૦ ।
[2]દેહ છાયા તણી પરિં, થાઉં નહી અલગો લો-અહો રે થાઉં૦-
-મનડાનો માનો પ્રભુજી રે લો..॥૧॥
કાલ અનાદિ[3] મિથ્યામતિં, ઘણું મુઝને ભમાવ્યો લો—મનના૦ ।
ઘાંચી ઘર જિમ બલદીયો, તોહી પાર ન આવ્યો લો તોહી૦...॥૨॥
ચૌદરાજના ચૌકમેં, તુમ્હે દૃષ્ટિ આવ્યા લો—તુમ્હે૦ ।
આજ થયાં વધામણાં, મુઝને પ્રભુ ભાવ્યા લો—મુઝને૦ મનડાનો૦...॥૩॥
કલ્પતરૂની છાંહડી, જેહવી સુખદાઈ લો—જેહવી૦ ।
તેહવી સંગતિ સ્વામીની, મીઠી [4]મઇં પાઇ લો-મઇં૦ મનડાનો૦...॥૪॥
આપ-મેલે સુખ આલસ્યે, કુણ પ્રભુને કહેસ્યે લો-કુણ૦ ।
**ભાવપ્રભ** કહે દાસ જો, તુમ્હ ચરણ રહિસ્યે લો-તુમ્હ૦ મનડાનો૦...॥૫॥

---

૧. નિશ્રાએ ૨. શરીરનો પડછાયો ૩. મિથ્યાત્વની બુદ્ધિએ ૪. મેં

## કર્તા : શ્રી રતનવિજયજી મ.

**(લઘુ પણ હું તુમ મન નવિ માવું રે-એ દેશી)**

અનંત-જિનેસર ! સાહિબ માહરો રે, પુણ્યે પામ્યો દરિસણ ત્હારો રે ।
પ્રભુ-સેવા લાગે મુજ પ્યારી રે, તુમચા ગુણની જાઉં બલિહારી રે..॥૧॥
કેવલ જ્ઞાને જગતને જાણે રે, લોકાલોકના ભાવ વખાણે રે ।
સમ્યગ્-જ્ઞાન તે ભવદુઃખ કાપે રે, જ્ઞાન વિના ક્રિયા ફલ નવિ આપે રે...॥૨॥
સામાન્યે વસ્તુ પદારથ જેહ રે, એક સમયમાં જાણે તેહ રે ।
કેવલ-દર્શન વિગતે જાણો રે, જૈનાગમથી ચિત્તમાં આણો રે..॥૩॥
નિરૂપાધિક નિજ ગુણ છે જેહ રે, નિજ સ્વભાવમાં સ્થિરતા તેહ રે ।
ક્ષાયિક ચારિત્ર તે જગ સાર રે, જેહ આપે ભવોદધિ-પાર રે...॥૪॥
વિલસે અનંત-વીર્ય ઉદાર રે, એ ભાખ્યાં અનંતા ચાર રે ।
એ ગુણના પ્રભુ છો ભોગી રે, ગુણઠાણાતીત થયા અ-જોગી રે...॥૫॥
ત્રિકરણ-યોગે ધ્યાન તમારૂં રે, કરતાં સીઝે કાજ અમારૂં રે ।
પુષ્ટાલંબન દેવ ! તું મારો રે, હું છું સેવક ભવોભવ તારો રે...॥૬॥
સિંહસેન-નૃપવંશ સુહાયો રે, સુજસા-રાણીનો તું જાયો રે ।
ઉત્તમવિજય-વિબુધનો શિષ્ય રે, **રતનવિજયની** પૂરો જગીશ રે...॥૭॥

## કર્તા : શ્રી માણેકમુનિ મ.

**(ઢાલ-મથુરાની સેરી રે અતી રળીયામણી રે-એ દેશી)**

પર-ઉપગારી રે પ્રભુજી પેખીઓ રે, દેવ અનંત-જિનરાજ ।
અ-મલ અનંતા રે, ગુણ વયરાગરુ રે, સમતાવંત શિરતાજ—પર૦॥૧॥
તુમ સુર સેવઇં રે ચ્યાર નિકાયના રે, અણ હુંતઇં એક કોડિ ।
અપચ્છર નાચે રે નવ-નવ રંગસું રે, નાટિક હોડા હોડિ—પર૦॥૨॥
તુમ નિરલોભી રે, ત્રિભુવન રાજીઓ રે, મહિમાવંત મહંત ।
તુજ ચ્યવના રે જગહિત-કારણે રે, અલવેસર અરિહંત—પર૦॥૩॥
પ્રભુ નિરમાયી રે ! કરુણા-સાગરુ રે, મહિર કરો મહારાજ ।
નજર નિહાલો રે સેવક આપણો રે, ગિરુઆ ગરીબ-નિવાજ—પર૦॥૪॥
ઉત્તમ ન જુએ પાત્ર કુ-પાત્રને રે, મેઘ તણી પરિ સ્વામિ ।
ઈમ મન આણી રે અનુગ્રહ કીજઈ રે, કહિ **માણેક** સિર નામિ—પર૦॥૫॥

## કર્તા : શ્રી દીપવિજયજી મ.

**(કયાના તે આવ્યા બીડલાં મોતી વાલા રે ભમરજી-એ દેશી)**

અનંત કલાધરૂ મોહના-અલબેલા રે જિનવરજી,
શ્રી અનંત ભગવંત રે, મોહનગારો પ્યારો રે, જિનવરજી ।
અનંત અનંત દોય સોહતાં, અલ૦ । દંસણ-નાણ વિલસંત—મોહન૦॥૧॥
માહેંદ્ર વીશથાનક ભજી-અલ૦, પ્રાણતેં ધર્યો દેવ રૂપ-મોહન૦ ।
ચવી અયોધ્યા રતિપતિ-અલ૦, જીતી થયો વર ભૂપ રે—મોહન૦॥૨॥
જનમ્યા રેવતી શિવ-ગતિ-અલ૦, મીન રાશિ મુનિચંદ રે-મોહન૦ ।
ગય જોનિ જિનરાજની-અલ૦, દેવ ગણ સુખ-કંદ રે—મોહન૦॥૩॥

ત્રણ વરસ છદ્મસ્થમાં-અલ૦, ન દિયેં દેશના દાન રે-મોહન૦ ।
પીપલ પાદપેં ઉપનું-અલ૦, કેવલ રયણ નિધાન રે-મોહન૦॥૪॥
સાત હજાર શું મુનિપતિ-અલ૦, થયા રમણિક શિવ કંતરે-મોહન૦ ।
સુખભર **દીપે** સિદ્ધિ મેં-અલ૦, કરી સંસારનો અંતરે—મોહન૦॥૫॥

## કર્તા : શ્રી ધર્મકીર્તિગણિ મ.

તઉ અનંત નાહ પાણય ચવિઅ (૧)
[૨]અઉજ્જિ (૨) રાય સીહસેણ (૩),
તઉ સુજશા માત(૪) પંચાસ ધણુ (૫)
મીન રાશિ (૬) [૩]અંક [૪]સેણ (૭) ॥૧॥
તઉ વરસ તીસ લખ આઉ વર (૮) નવ સાયર પરિમાણ,
વિમલ-અણંત જિણ વિચિ સહી (૯)
પ્રભુ રિખ રેવઈ જાણ (૧૦) ॥૨॥
તઉ અઉજ્જિ નાણ (૧૧) વય (૧૨) છઠ તપિ (૧૩)
(૧૩) વિજય ભિકખ (૧૪) હેમંગ (૧૫),
તઉ ગણહર પન્ના (૧૬) સાહુ તહ, બાસઠિ સહસ
અભંગ (૧૭) ॥૩॥
તઉ પીંપલ તરુ (૧૮) સુરી અંકુશા (૧૯)
અજ્જા બાસઠિ સહસ (૨૦) ।
તઉ દુગ લખ સાવય છગ સહસ (૨૧)
સંમેતઇં સિવ વાસ (૨૨) ॥૪॥
ચ્યારિ લાખ સાવિઅ અહિખ સહસ ચઉદહ જાણ (૨૩),

જખ્ખ પાયાલહ (૨૪) અહનિસઇ, સીસ ધરઈ જિન આણ ।।૫।।

---

૧. દશમો દેવલોક ૨. અયોધ્યામાં ૩. લંછન ૪. શ્યેન સીંચાણાનું ૫. નક્ષત્ર

## કર્તા : શ્રી સ્વરૂપચંદજી મ.

હાં રે ! લાલ ! ચતુર-શિરોમણિ ચૌદમો, જિનપતિ નામ અનંત-મેરે લાલ ।
ગુણ અનંત પરગટ કર્યા, કર્યો વિ-ભાવનો અંત મેરે લાલ
-ચતુર-શિરોમણિ ચિત્ત ધર્યો ।।૧।।

હાં રે ! લાલ ! ચાર અનંતા જેહનાં, આતમ-ગુણ અભિરામ-મેરે૦ ।
જ્ઞાન-દર્શન-સુખ-વીર્યતા, કર્મે રુંધ્યા ઠામ—મેરે૦ ચતુર૦।।૨।।

હાં રે ! લાલ ! ચતુર ધરો નિજ ચિત્તમાં, એ જિનવરનું ધ્યાન-મેરે૦ ।
અરથી અર્થ નિવાસનેં, સેવે ધરી બહુ માન—મેરે૦ ચતુર૦ ।।૩।।

હાં રે ! લાલ ! જ્ઞાનાવરણી ક્ષય કરી, લહ્યું અનંત-જ્ઞાન—મેરે૦ ।
દર્શનાવરણ નિવારતા, દર્શન અનંત વિધાન—મેરે૦ ચતુર૦ ।।૪।।

હાં રે ! લાલ ! વેદનીય-વિગમેં થયું, સુખ અનંતા-વિસ્તાર-મેરે૦ ।
અંતરાય ઉલંઘતાં, વીર્ય અનંત ઉદાર—મેરે૦ ચતુર૦ ।।૫।।

હાં રે ! લાલ ! ઈમ અનંત નિજ-નામની થિરતા થાયી દેવ-મેરે૦ ।
જિમ તરસ્યા સરવર ભજેં તિમ **સ્વરૂપ** જિન-સેવે – મેરે૦ ચતુર૦ ।।૬।।

## કર્તા : શ્રી જશવિજયજી મ.

(શ્રી સુપાસ જીનરાજ-એ દેશી)

અનંત પ્રાણીનો નાથ, [1]અનંત-ગુણ-મણિ-આથ
આજ હો ! નામ રે [2]પરિણામે જુગતું જેહનેજી..॥૧॥

દરિસણ-નાણ અનંત, તિમ વળી સુખ અનંત
આજ હો ! વીર્ય વિરાજે અનંતું જેહનેજી..॥૨॥

આણી કર્મનો અંત, એ લહી ચાર અનંત
આજ હો ! રાજે રે, શિવ-પદવી છાજે જેહનેજી..॥૩॥

ભમતાં ભવ અનંત, જો મિલીયો ભગવંત
આજ હો ! હરખ્યો રે, પરખ્યો [3] પુણ્ય-પટંતરો..॥૪॥

દરિસણ દુર્લભ દેવ, વળી તુમ ચરણની સેવ
આજ હો ! સ્વામી રે, મેં પામી પ્રેમે તે ભલીજી..॥૫॥

કૃપા કરો ! ભગવંત, જિમ લહું ! કર્મનો અંત
આજ હો ! જાચું રે, નવિ રાચું અવરને દેખીનેજી..॥૬॥

શ્રી **ખિમાવિજય**-ગુરૂ-નામ, જાણે ક્ષમા-ગુણ ધામ
આજ હો ! પામી રે, શુભ-કામી **જશ** લહીયે ઘણોજી..॥૭॥

૧. અનંત ગુણરૂપ સંપતિવાળા ૨. છેવટે ૩. પુણ્યનું આંતરૂં

## કર્તા : શ્રી જ્ઞાનવિમલસૂરીજી મ.

### (જિન રશ્મિ વડો રે-એ દેશી)

અનંત - જિણંદશું રે, કીધો અ-વિહડ નેહ
ખિણ-ખિણ સાંભરે રે, જિમ ચાતક-મન મેહ ।
તે તો સ્વારથી રે, આ પરમારથ હોય, અનુભવ-લીલમાં રે
[1]લીણ્યો [2]ભેદ ન હોય—અનંત૦..॥૧॥
સહજ-સ્વભાવથી રે, સહુના છે રે ! આધાર
કિમ કરી પામીયે રે ?, મોટા દિલતણો પાર ।
પણ એક આશરો રે, પામ્યો છે નિરધાર
સુ-નજરે જોયતાં રે, કીધા બહુ ઉપગાર—અનંત૦..॥૨॥
જિન ! ગુણ તાહરા રે, લખીયા કિમહિ ન જાય !
ભવ ને ભવાંતરે રે, [3] પાઠે પણ ન કહાય
આતમ-દર્પણે રે, પ્રતિબિંબ્યા સવિ તેહ ।
ભક્તિ-પ્રભાવથી રે અચરિજ મોટું છે, એહ—અનંત૦..॥૩॥
કે કોઈ હાણી છે ! રે, કે કોઈ બેસે છે ? દામ,
એક ગુણ તાહરો રે, દેતાં કહું કિશું સ્વામી ।
ખોટ ન તાહરે રે, થાશે સેવક-કામ,
યશ તુમ વાધશ્યે રે, એક-ક્રિયા દોઈ-કામ—અનંત૦..॥૪॥
અરજ સુણી કરી રે, સુ-પ્રસન્ન થઈ હવે સ્વામી,
એક ગુણ આપીઓ રે, નિર્મલ તત્વ-શ્રદ્ધાન ।
શક્તિ-સ્વભાવથી, નાઠા દુશ્મન દૂરિ,
વાંછિત નીપન્યા રે, ઈમ કહે **જ્ઞાનવિમલસૂરિ.**—અનંત૦..॥૫॥

---

૧. ડૂબેલાને ૨. આંતરૂં ૩. બોલી જવા રૂપે

## કર્તા : શ્રી ગુણવિલાસજી મ.

### (રાગ-વસંત)

મેરે હૃદય કમલ ફુલ્યો વસંત
જબતેં મેં જાન્યો જિન અનંત—મેરે૦..॥૧॥
જાકો જસ-પરિમલહ મહંત
મેરો મન-મધુકર તહાં રૂન ઝુનંત-મેરે૦..॥૨॥
કરૂણા કરી તારો જગજંત
નિજ-રસમેં રાચે શુદ્ધ સંત—મેરે૦..॥૩॥
સુખ દરસન જ્ઞાન સુશક્તિવંત
શ્રી ગુણવિલાસ શિવ-રમણીકંત—મેરે૦..॥૪॥

## કર્તા : શ્રી જગજીવનજી મ.

### (ઢાલ માવતણીની-એ દેશી)

અનંત-જિણેસર, જ્ઞાન-દિનેસર, તારક જગ માંહિ જાણી રે ।
જિન જગ સ્વામી, ઘનનામી, ગાસ્યું અનંત-જિણંદો ।
પૂર્ણાનંદ પદ પાવન કરવા, ધરવા કેવલ નાણી રે ।
જિન જગસ્વામી ઘનનામી ગાસ્યું અનંત જિણંદો૦॥૧॥
આનંદકારી વિઘન-નિવારી, અનંત અનંત ધરમધારી રે—જિન૦
સમ્યક્ દાયક લાયક જિનવર, બિરૂદ ધરે તું અઘ વારી રે—જિન૦॥૨॥
શિવ-સુખ-સાગર નાગર નીરખી, હરખી ભગતિ-વિશેષે રે—જિન૦
શુદ્ધ નિમિત્ત જિન-શુધાતમનો, અનુભવ ભાવ-વિશેષે રે—જિન૦॥૩॥

તુઝ વાણી વલ્લભ જાણી, હૃદયે ધરેં ભવિ પ્રાણી રે—જિન૦
તે જિન તારક નિજ આતમનો, પામે મુગતિ પદ ઝાણી રે—જિન૦ ॥૪॥
મહેર કરી જગ-મન-મોહનજી, અ-ખય અ-વ્યય નિધિ કીજેં રે ।
ગણી **જગજીવન** તુમ ગુણ ગાવે, દયાનિધિ સમક્તિ દીજેં રે—જિન૦ ॥૫॥

## કર્તા : શ્રી જિનહર્ષજી મ.

(રાગ-પરજીયો)

વ્હાલા થારા મુખડી ઉપર વારી । અરજ સુણજો એક મારી,
કાંઈ તુમને કહું છું વિચારી—વ્હાલા૦..॥૧॥

આઠ પહોર ઉભો થકો રે, સેવા કરૂં તુમારી ।
અંતરજામી ! સાહિબા ! કાંઈ, લેજો ખબર હમારી—વ્હાલા૦..॥૨॥

સુંદર સુરતિ તાહરી રે, લાગે પ્રેમે પિયારી ।
સાત ધાત ભેદી કરી, કાંઈ પેઠી હૈયા-મોઝારી—વ્હાલા૦..॥૩॥

સ્વામી અનંત તુમારડા રે, ગુણ અનંત અપારી ।
કહે **જિનહર્ષ** સંભારજો, કાંઈ મત મુકો ! વિસારી—વ્હાલા૦..॥૪॥


# શ્રી અનંતનાથ ભગવાનની થોય

## શ્રી વીરવિજયજી કૃત થોય

જ્ઞાનાદિકા ગુણવરા નિવસંત્યનંતે
વજ્રી સુપર્વમહિતો જિનપાદપદ્મે;
ગ્રંથાર્ણવે મતિવરા પ્રણતિસ્મ ભકત્યા
પાતાલચાંકુશી સુરી શુભ વીર દક્ષા....।।૧।।

## શ્રી પદ્મવિજયજી કૃત થોય

અનંત અનંત નાણી, જાસ મહિમા ગવાણી
સુરનર તિરિ પ્રાણી, સાંભળે જાસ વાણી
એક વચન સમજાણી, જેહ સ્યાદ્‌વાદ જાણી
તર્યા તે ગુણ ખાણી, પામીયા સિદ્ધિ રાણી....।।૧।।



## અમૃત કણ

- જિન ભક્તિએ જે ન સીધ્યું, તે બીજા કશાથી ન સીઝે.
- અરિહંત મળ્યા પછી અરિહંતની કદર કેટલી એમની પાછળ ઘેલા થઈ જઈએ ખરા ?
- "નિગોદમાંથી અહીં સુધી ઉંચે આવ્યા એ અરિહંતની કૃપાથી" આ ભાવથી ભગવંત પરનો કૃતજ્ઞત્તા ભાવ જીવંત રાખો.
- જૈનધર્મનું ભવાંતરમાં રિઝર્વેશન કરાવવું હોય તો અરિહંતની પાછળ પાગલ બની જાવ.
- પરમાત્માની વંદનામાં એકાકારતા એ મહાયોગ છે.

**ન્યાયવિશારદ, વર્ધમાન તપોનિધિ પૂજયપાદ આચાર્ય**
**શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ**

## શ્રી અનંતનાથ ભગવાનની જીવન ઝલક

| | | | |
|---|---|---|---|
| પિતાનું નામ | : સીંહસેન | માતાનું નામ | : સુયસામાતા |
| જન્મ સ્થળ | : અયોધ્યા | જન્મ નક્ષત્ર | : રેવતી |
| જન્મ રાશી | : મીન | આયુનું પ્રમાણ | : ૩૦ લાખ વર્ષ |
| શરીરનું માપ | : ૫૦ ધનુષ | શરીરનું વર્ણ | : સુવર્ણ |
| પાણિ ગ્રહણ | : વિવાહીત | કેટલા સાથે દીક્ષા | : ૧૦૦૦ સાધુ |
| છદમસ્થ કાળ | : ત્રણ વર્ષ | દીક્ષા વૃક્ષ | : અશોક વૃક્ષ |
| ગણધર સંખ્યા | : ૫૦ | જ્ઞાન નગરી | : અયોધ્યા |
| સાધુઓની સંખ્યા | : ૬૬૦ | | : ૬૨૦૦૦ |
| શ્રાવકની સંખ્યા | : ૨, | | ૪,૦૦૦ |
| અધિષ્ઠાયક યક્ષ | : પાતા | | ુશી |
| પ્રથમ ગણધરનું નામ | : જસ | | |
| મોક્ષ આસન | : કાઉસ્સ | | |
| ચ્યવન કલ્યાણક | : શ્રાવણ વદિ ૭ | જન્મ કલ્યાણક | : વૈશાખ વદિ ૧૩ |
| દીક્ષા કલ્યાણક | : વૈશાખ વદિ ૧૪ | કેવલજ્ઞાન કલ્યાણક | : વૈશાખ વદિ ૧૪ |
| મોક્ષ કલ્યાણક | : ચૈત્ર સુદિ ૫ | મોક્ષ સ્થાન | : સમેતશિખર |


| | | |
|---|---|---|
| ધનુષ | શરીરનું વર્ણ | : સુવ |
| ીત | કેટલા સાથે દીક્ષા | : ૧૦૦ |
| ર્ષ | દીક્ષા વૃક્ષ | : અશો |
| | જ્ઞાન નગરી | : અયોધ |
| | ીઓની સંખ્યા | : ૬૨ |


મુદ્રક : રોનક ઓફસેટ - અમદાવાદ. ફોન : ૦૭૯-૬૬૦૩૯૦૩